**સુવિચાર**

''દરજી અને સુથાર પાસેથી એ શીખવા જેવું છે કે, માપવું બે વાર, કાપવું એકવાર.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૧/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ વદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૦૨૭


## ગ્રામ પંચાયતનાં સરપંચે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી આપી

# બાબરકોટ ગામે ગૌચરની જમીનમાં ગેરકાયદેસર માર્ગ બનાવાયા

- સિમેન્ટ કંપની ગૌચર જમીન પર કોઈપણ જાતની મંજૂરી વગર માર્ગો બનાવતી હોવાનો આક્ષેપ
- લાખો રૂપિયાનાં કિંમતી ખનિજની ચોરી કરી સરકારી તિજોરીને નુકસાન કરાતું હોવાનું જણાવાયુ
- ગ્રામ પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે તો કંપની તેમાં અડચણરૂપ બનતી હોવાનો પણ આક્ષેપ
- કાયદા-કાનૂનનો ડર રાખ્યા વગર ગામની જનતા સાથે ઘર્ષણ ઉભું કરાતું હોવાનું જણાવાયુ



અમરેલી, તા. ૧૨

બાબરકોટ ગામની સર્વે નં. ૨૧૪ વાળી ગૌચરની જમીન ગામના પશુઓના ચરિયાણ માટે અનામત છે. સામાવાળા કંપની ધ્વારા આ જમીન પર કોઈપણ જાતની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે રસ્તાઓ બનાવીને તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

વધુમાં જણાવેલ છે કે, સામાવાળાઓ દ્વારા ગૌચરની જમીનમાંથી લાખો રૂપિયાની માટી તેમજ અન્ય ખનિજની ગેરકાયદેસર ચોરી કરવામાં આવી રહી છે જે સરકારી મિલ્કતને નુકસાન પહોંચાડવાનું ગંભીર કૃત્ય છે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને રસ્તાઓ પરના દબાણ દૂર કરવાની સત્તા છે. જયારે પંચાયત ધ્વારા આ કામગીરી કરવામાં આવે છે ત્યારે સામાવાળાઓ ધ્વારા પંચાયતની કાયદેસરની ફરજમાં અવરોધ ઉભો કરવામાં આવે છે.

વધુમાં જણાવેલ છે કે, સામાવાળઓ કાયદાનો ડર રાખ્યા વગર મનમાની કરી રહ્યા છે અને ગામના લોકો સાથે ઘર્ષણ ઉભું કરી ગામની શાંતિનો માહોલ ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા હોય સામાવાળાઓ વિરૂધ્ધ ફોજદારી ગુનો દાખલ કરી તપાસ કરવામાં આવે અને તેઓને સત્વરે સુચના આપવામાં આવે કે બાબરકોટ ગ્રામ પંચાયતની ગૌચર જમીનનો કોઈપણ પ્રકારે ગેરકાયદેસર ઉપયોગ ન કરે તેમ અંતમાં જણાવેલ છે.

## રાજુલા તાલુકાના રાભડા ગામે બનેલી ઘટના

# બળાત્કારનો ખોટો કેસ કરવાની ધમકીથી પ્રેમી યુવકનો આપઘાત

### ૪ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૨

રાજુલા તાલુકાના રાભડા ગામે રહેતા એક આશાસ્પદ યુવાનને તે જ ગામે રહેતી એક યુવતી સાથે પ્રેમ સંબંધ થઈ જતાં આ અંગે યુવતીનાં પરિવારને જાણ થઈ જતાં યુવકને મારી નાખવાની અને બળાત્કારની ફરિયાદમાં ખોટી રીતે જેલમાં પુરી દેવાની ધમકી આપતા યુવક ડરી જતા તેમણે ઉંદર મારવાની ઝેરી દવા પી જતા યુવકને ગંભીર હાલતમાં સારવારમાં માટે પ્રથમ મહુવા તેમજ વધુ સારવાર માટે ભાવનગર ખાતે લઈ જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજતાં આ

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્થાનિક એસ.ટી. અધિકારીઓની કાર્યશૈલી સામે નારાજગી

# બગસરા-અમરેલી વચ્ચે અપડાઉન કરતાં મુસાફરો માટે કાયમી ધોરણે બસ ફાળવવા માંગ

### બસ ન ફાળવાતાં વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૨

બગસરા એસ.ટી. ડેપોનાં વહીવટને લઈને દિ'ઉગેને કોઈને કોઈ ફરિયાદ સામે આવી રહી છે. નવા રૂટ શરૂ ન કરવા, જુના રૂટ અચાનક બંધ કરવા, અનિયમિત બસ સેવા, ડેપોમાં ગંદકી સહિતની અનેક ફરિયાદો અવારનવાર ઉભી થતી આવી છે.

દરમિયાનમાં બગસરાથી અમરેલી ખાતે શિક્ષણ કે નોકરી, વ્યવસાય અર્થે અપડાઉન કરતા મુસાફરો માટે કાયમી ધોરણે બસ ફાળવવાની માંગ અવારનવાર કરવામાં આવતી હોય એસ.ટી.નાં અધિકારીઓ રજૂઆત અંગે કોઈ કાર્યવાહી કરતા નથી.

આજે ઉશ્કેરાયેલ વિદ્યાર્થીઓએ એસ.ટી. ડેપોની બહાર ચકકાજામ કર્યો હતો અને આગામી દિવસોમાં રસ્તારોકો આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.


स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,24,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. કૈવંત પટેલ – ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ – તા.૧૫/૦૧/૨૦૨૬ - ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. જય વિઠલાણી – કાર્ડિયોલજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત – તા.૧૬/૦૧/૨૦૨૬ - શુક્રવારે, સવારે ૧૧:૩૦ થી ૦૧:૦૦
ડો.સાગર બરાસરા – એન્ડોકાઈનોલોજીસ્ટ – તા.૧૭/૦૧/૨૦૨૬ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો.મૈત્રેય જોષી – યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ – તા.૧૭/૦૧/૨૦૨૬ - શનિવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૬:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર – આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર – ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707

# ભૈ વાહ : ગજેરા કેમ્પસ - વિદ્યાસભા LDSS ખેલાડીઓને રાજયકક્ષા એથ્લેટિક્સ સ્પર્ધામાં સુવર્ણ અને રજત પદક પ્રાપ્ત






તારીખ. ૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બહેનોની રાજય કક્ષા અંડર–૧૧ એથ્લેટિકસ મિટ ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગર ધ્વારા વીર નર્મદ યુનિવર્સિટી સુરત મુકામે સ્પર્ધા યોજાયેલી હતી, જેમાં રાજયના વિવિધ જિલ્લા માંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. તેમાં અમરેલી જિલ્લાની તરફથી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોટર્સ સ્કૂલ (ડીએલએસએસ) ખેલાડીઓએ ભાગ લઈ સિધ્ધિઓ હાંસલ કરી. જેમાં (૧) મેણીયા ધ્રુવી–૨૦૦મી રનીંગ સુવર્ણ પદક મેળવેલ, (૨) જાંબુકિયા ધ્રુવિકા– બરચી ફેક રજત પદક મેળવેલ, તેમજ એથ્લેટિકસ સ્પર્ધામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ ખેલાડીઓ (૩) ડોબરીયા પ્રાંજલ –ઉંચી કુદ, (૪) મકવાણા ક્રિષ્ના–ટેનિસ બોલથ્રો, (૫) મકવાણા સાક્ષી–૬૦મી હડલ્સ, (૬) મીઠાપરા મિતલ–૬૦મી રનીંગ, (૭) સોલંકી ઝરણા–૬૦મી રનીંગ, (૮) ગોજારીયા ફેની –૬૦મી રનીગ, (૯) વાઘેલા ભૂમિકા–૬૦મી રનીંગ, (૧૦) તાવ્યા નેહા – ૧૦૦મી રનીંગ, (૧૧) સોલંકી સૃષ્ટિ –૪૦૦મી રનીંગ, (૧૨) સોલંકી દ્રષ્ટિ–૪૦૦મી રનીંગ, (૧૩) ભંડેરી યોગિની–મેડિસિન બોલથ્રો, (૧૪) લાખાણી આરૂષિ–મેડિસિન બોલ, (૧૫) બુઝવટ ઈસરાના –૬૦મી હડલ્સ, (૧૬) માલણીયા હની–૨૦૦મી રનીંગમાં ભાગ લીધેલ હતો. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત–ગમતમાં નિયમિત પ્રેકિટસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂં પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ વધુ સફળતા પ્રાપ્ત કરશે. તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### આણંદ ખાતે યોજાયેલ એવોર્ડ સેરેમનીમાં

# બાબરા : સમગ્ર ગુજરાતના ૫૦૦થી વધુ સેન્ટરોમાં ‘ૐ સાઈ કોમ્પ્યુટર કલાસીસ’ તૃતિય ક્રમે વિજેતા

### શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરીની મળી ઓળખ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

ૐ સાઈ કોમ્પ્યુટર કલાસીસ દ્વારા શિક્ષણ ક્ષેત્રે બાબરા પંથકનું નામ સમગ્ર ગુજરાતમાં રોશન કરવામાં આવ્યુ છે આણંદ મુકામે ‘All India Computer Education Socitety (AICES)’ દ્વારા આયોજિત ભવ્ય એવોર્ડ સેરેમનીમાં બાબરાના જાણીતા ‘ૐ સાઈ કોમ્પ્યુટર ક્લાસીસ’ને સમગ્ર ગુજરાતમાં તૃતીય (ઉજો) નંબર પ્રાપ્ત થયો છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતભરમાં AICESની ૫૦૦થી વધુ શાખાઓ કાર્યરત છે. આ તમામ સેન્ટરોમાંથી સમગ્ર વર્ષ દરમિયાન થયેલી કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં ‘ૐ સાઈ કોમ્પ્યુટર’ દ્વારા બાળકોને કોમ્પ્યુટર શીખવવાની આધુનિક પદ્ધતિ, વાલીઓનો અતૂટ વિાસ, પરીક્ષામાં ૧૦૦% પરિણામ અને સૌથી મહત્વનું એટલે કે કોર્સ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને મનપસંદ જોબ અપાવવાની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાને રાખી આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આણંદ ખાતે યોજાયેલ આ ગરિમાપૂર્ણ સમારોહમાં સંસ્થાના મુખ્ય સંચાલક જયરાજભાઈ બસીયા તથા સેન્ટર સંચાલક નેશાદભાઈ ગાંગાણી અને શાનભાઈ ગાંગાણી તેમજ સમગ્ર ટીમનું એવોર્ડ આપી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે સંસ્થાના સંચાલકોએ જણાવ્યું હતું કે, ‘અમારો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓને માત્ર ડિગ્રી આપવાનો નહીં, પણ તેમને ટેકનોલોજીના યુગમાં આત્મનિર્ભર બનાવવાનો છે. આ એવોર્ડ એ અમારી ટીમની મહેનત અને બાબરાના વાલીઓએ મૂકેલા વિાસનું પ્રતીક છે.’

ૐ સાઈ કોમ્પ્યુટરની આ અભૂતપૂર્વ સફળતા અને રાજય કક્ષાએ ત્રીજો નંબર મેળવવા બદલ બાબરા શહેરના અગ્રણીઓ, વેપારી મંડળ અને વિદ્યાર્થીઓ દ્વારા અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.

### ગેરરીતિ અટકાવવાનો પ્રયાસ

# અમરેલી જિલ્લામાં ૨૫ સીએસસી આઈડી કરાયા બ્લોક

### બ્લોક થયેલા સીએસસી ફરી ચાલુ કરી શકાશે

અમરેલી, તા. ૧૨

સમગ્ર દેશમાં સરકારી તથા અર્ધ સરકારી સેવાઓ આપવાનું સૌથી મોટું નેટવર્ક અને મીનીસ્ટ્રી ઓફ આઈ.ટી.નું એસપીવી એવા સીએસસીની માંગ વધવાના લીધે દિવસે દિવસે સીએસસી કેન્દ્રોની સંખ્યા વધવા લાગી છે. આવા સંજોગોમાં લે–ભાગુ તત્વો અથવા તો ગુન્હાહીત માનસીકતા ધરાવતા ઈસમો આ ચેનલમાં પ્રવેશ કરી ના શકે તેમજ સીએસસી આઈ.ડી. એ કોઈ ગેર–પ્રવૃત્તિના આશયથી ના મેળવી બેસે એ બાબતને સુનિતિ કરવા માટે કેટલીક બાબતો ફરજીયાત કરી છે. અને તેનું પાલન કડક રીતે થઈ રહ્યું છે. તાજેતરમાં જ કોમન બ્રાંડીંગ અને પોલીસ વેરીફીકેશન કે રેટ ચાર્ટ વિના મેળવેલ સી.એસ.સી. રદ્દ કરી આઈ.ડી. બ્લોક કરવામાં આવેલ હતા. આ બાબતે જીલ્લા મેનેજર મોડાસીયા સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે નિયત નમુનાનું બેનર, સંબંધીત પોલીસ સ્ટેશનનો ગુન્હો નથી એ બાબત પ્રમાણપત્ર તેમજ રેટ ચાર્જ જેવી બાબતોની પુર્તતા કર્યે સ્થળ વિઝીટ કરીને યોગ્ય જણાય તેવી આઈ.ડી. ચાલુ કરી આપવામાં આવશે.

### માર્ગની સાઈડ કાચી હોવાથી અકસ્માતની ઘટના બની હોવાનું અનુમાન

# સાવરકુંડલાનાં હાડીડા અને મોટી વડાળ વચ્ચેનાં માર્ગ ઉપર મુસાફરોથી ભરેલ એસ.ટી. બસ સાઈડમાં ઉતરી ગઈ

### સદ્‌નસીબે તમામ મુસાફર સલામત રહેતાં સૌ કોઈમાં હાશકારો







અમરેલી, તા. ૧૨

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ની રાજકોટથી મહુવા જતી બસના ચાલકે અચાનક નિયંત્રણ ગુમાવતા રોડની સાઈડમાં નીચે ઉતરી ગઈ હતી. સાવરકુંડલા નજીક હાડીડા અને મોટી વડાળ વિસ્તાર પાસ ‘‘સલામત સવારી એસટી અમારી’’ના નારા વચ્ચે ફરી એકવાર એસ.ટી.બસ અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. અકસ્માતના સમયે બસમાં બેઠેલા મુસાફરોને નાની–મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો અને તંત્ર તરત જ મદદ માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે નજીકની આરોગ્ય સુવિધામાં ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે, બસ સંપૂર્ણપણે પલટી ન ખાઈ હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી, જેના કારણે મુસાફરો અને તેમના સ્વજનોને હાશકારો મળ્યો હતો.

પ્રત્યક્ષદર્શીઓ મુજબ રસ્તાની બાજુમાં કાચો કિનારો અને અચાનક બ્રેક પડવાથી બસ સાઈડમાં ઉતરી ગઈ હોવાનું અનુમાન છે. મહુવા રૂટ પર એસટી બસને લઈને અગાઉ પણ અકસ્માતોની ચર્ચા થતી રહી છે, જેના કારણે મુસાફરોમાં સલામતી અંગે ચિંતા વધી છે.

સ્થાનિકોએ માર્ગની સ્થિતિ સુધારવા, બસોની તકનિકી તપાસ કડક કરવા અને ડ્રાઈવિંગ સલામતી અંગે વધુ સતર્કતા રાખવાની માંગ ઉઠાવી છે. તંત્ર દ્વારા ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

# રાજુલાનાં હિંડોરણા નજીકથી પાંચ પત્તાપ્રેમીઓની અટકાયત

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે રહેતાં અનિલનાથ ન્યાલનાથ માંગરોળીયા સહિત પાંચેય ઈસમો રાજુલા હિંડોરણા ગામે અજુનાથ માધુનાથ માંગરોળીયાના મકાનની પાસે નીચે ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગોળ કુંડાળુ વળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા જુદા જુદા દરની નોટો મળી રોકડા રૂપિયા ૧૧૪૦૦ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન ઝડપાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### તસ્કરો ધાર્મિક સ્થાનો પણ છોડતા નથી

# સાવરકુંડલા : મોટા ઝીંઝુડા ગામે માતાજીનાં મઢમાંથી સોના–ચાંદીનાં છત્તરની ચોર

### રૂપિયા ૧.૮૦ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી : ફરિયાદ

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના મોટા જીંજુડા ગામે આવેલ નાડા પરિવારના ખોડીયાર માતાજીના મઢ માં કોઈ અજાણ્યા ચોર ઈસમે ગત તા. ૧૦ના રોજ શરૂ મોડી રાત્રીના કલાક ૧ થી ૪:૩૦ વાગ્યાના અરસામાં રાત્રીના સમયે પ્રવેશ કરી લોખંડના તેમજ લાકડાના દરવાજે તાળા મારેલ હોઈ તે દરવાજાના નકુચા તોડી મઢના અંદરના ભાગે પ્રવેશ કરી મઢમાં માતાજીની મુર્તી ઉપર ચડાવેલ સોનાનુ મુગટ તથા સોના–ચાંદીના નાના મોટા છતરના ઉપરોકત જણાવેલ વજન પ્રમાણેના આશરે કુલ કિંમત રૂપિયા ૧,૮૦,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયાની મોટા જીંજુડા ગામે રહેતાં પૂજારી ભરતગીરી સોમગીરી ગૌસ્વામીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદ ખાતે પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર દ્વારા સરકારી શાળાનાં વિદ્યાર્થીઓને પતંગ વિતરણ






રાજુલાના પૂર્વ ધારાસભ્ય તથા ગુજરાત મેરીટાઈ બોર્ડના કર્મચારી મંડળના અધ્યક્ષ અંબરીષભાઈ ડેર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉતરાયણના પર્વને લઈને જાફરાબાદની સરકારી પ્રાથમિક શાળાઓમાં નાના ભૂલકાઓ વિદ્યાર્થીઓમાં પતંગોનુ વિતરણ કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓમાં પતંગો વિતરણ થતાની સાથે બાળકોમાં અંબરીષભાઈ ડેરનો જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો સરકારી પ્રાથમિક શાળામાં જેમાં ધોરણ એકથી ધોરણ આઠ સુધીના બાળકોને પતંગોનુ વિતરણ કરવામાં આવ્યું હતું આ તકે અંબરીષભાઈ ડેરની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ ઓને પતંગ ચગાવતી વખતે શું ધ્યાનમાં લેવું જોઈએ તે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે વહેલી સવારથી પતંગ ન ચડાવવું કારણ કે પક્ષીઓ પોતાના માળામાંથી દાણા ચણવા જતા હોય છે અને સંધ્યા સમયે પણ પતંગ ન ઉડાડવા કારણ કે પક્ષીઓ સંધ્યા સમયે પોતાના માળામાં જતા હોય છે. તેમજ પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચઢવું નહીં તેમજ વિજળીના તાર કે કેબલને અડશો નહીં વીજળીના કેબલ ઉપર પડેલ પતંગ લેવા લંગર નાંખશો નહીં તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતા મોટા ભડાકા થવાની તથા તાર તુટી જાવાથી અકસ્માત થઈ શકે તેમજ પતંગ લુંટવા માટે રોડ ઉપર લેવા માટે દોડવું નહીં કારણ કે વાહનોની અવરજવર હોય પાંચ રૂપિયાના પતંગ લેવા માટે આપણું અણમોલ માનવ જીવન પાંચ રૂપિયાના પતંગ કરતા મોટું છે. તેવું દરેક સ્કુલના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવ્યું હતું અને તમામ વિદ્યાર્થીઓમાં જે પતંગ વિતરણ કરવામાં આવી હતી તે પતંગો પર પ્લાસ્ટીક હોય તે તમામ રંગબેરંગી પતંગો હોવાથી બાળકો અને વિદ્યાર્થીઓમાં ખુશી વ્યાપી ગઈ હતી જે પતંગો વિતરણ કરવામાં આવી હતી તેમાં પણ મોટા અક્ષરોમાં પણ સુત્રો છાપેલા હોય તમામ સ્કૂલોના વિદ્યાર્થીઓ દ્વારા વાંચવામાં પણ આવ્યા હતા પૂર્વ ધારાસભ્ય તથા ગુજરાત મેરીટાઈ બોર્ડ કર્મચારી મંડળના અધ્યક્ષ અંબરીશભાઈ ડેર તેઓ સેવાકીય બાબતે હરહંમેશા તત્પર રહ્યા છે. અને બાળકોમાં વિદ્યાર્થીઓમાં પણ લોકચાહના વધુ હોય અને દરવર્ષે પણ બાળકો અને વિદ્યાર્થીઓ અંબરીષભાઈ ડેરની પતંગોની કાગડોળે રાહ જોતા હોય છે. મકરસંક્રાંતિનાં પાવન પર્વ નિમિત્તે સરકારી પ્રાથમિક શાળાઓમાં પતંગોનું વિતરણ કરવામાં આવે છે તેમાં ૯૮, રાજુલા વિધાનસભા સમાવિષ્ઠ રાજુલા, જાફરાબાદ, ખાંભા તમામ ગામોની સરકારી પ્રાથમિક શાળાઓમાં અંબરીષભાઈ ડેરની ટીમ દ્વારા અલગ અલગ ટીમો દ્વારા પતંગોનું વિનામૂલ્યે વિતરણ થતાં વિદ્યાર્થીઓમાં પણ ખુબ જ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો તથા જાફરાબાદ ટીમ દ્વારા જાફરાબાદની તમામ સરકારી પ્રાથમિક શાળા કે જેમાં પ્રાથમિક કન્યા શાળા તથા પ્રાથમિક તાલુકા શાળા તથા પ્રાથમિક સાગર શાળા તથા પ્રાથમિક નૂતન શાળા તથા વાપાળીયા પ્રાથમિક શાળા તથા પ્રાથમિક બ્રાન્ચ શાળા તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં પતંગોનું વિતરણ કરવામાં આવ્યુંહતુંઆ પતંગ વિતરણમાં સમાજીક કાર્યકર અને પત્રકાર, કિશોરભાઈ સોલંકી, ભાલિયા જીતનભાઈ તથા શૈલેષભાઈ બાંભણીયા, ભાલિયા રાકેશભાઈ તથા જીગરભાઈ બારૈયા, તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી પતંગનું વિતરણ કરવામાં આવ્યું હતું અને અંબરીષભાઈ ડેર તરફથી તમામ વિદ્યાર્થિનીઓને મકરસંક્રાંતિની શુભેચ્છાઓ પાઠવી છે તેમજ સામાજિક કાર્યકર પ્રવિણભાઈ બારૈયા તરફથી તમામ સ્કૂલોના વિદ્યાર્થીઓને મકરસંક્રાંતિ પાવન પર્વની શુભેચ્છા પાઠવી હતી.

# બાબરાના 'અંકુર મોબાઈલ' દ્વારા લકી ડ્રો યોજાયો, ૩૬ ભાગ્યશાળી ગ્રાહકો જીત્યા આકર્ષક ઇનામો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરના જાણીતા અને નામાંકિત શોરૂમ ' અંકુર મોબાઈલ' દ્વારા ગ્રાહકો માટે એક વિશેષ લકી ડ્રોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની લોહાણા મહાજનની વાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રાહકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ૩૫૮ ગ્રાહકો વચ્ચે યોજાયો ડ્રો અંકુર મોબાઈલ દ્વારા ગત તા. ૨૨/૦૯/૨૦૨૫ થી ૩૧/૧૦/૨૦૨૫ દરમિયાન જે ગ્રાહકોએ રૂ. ૧૫,૦૦૦થી વધુની રકમની મોબાઈલ ખરીદી કરી હતી, તેઓને આ લકી ડ્રોમાં સામેલ કરવામાં આવ્યા હતા. કુલ ૩૫૮ જેટલા પાત્ર ગ્રાહકોના કુપનમાંથી પારદર્શક રીતે ડ્રો કરવામાં આવ્યો હતો. ૧૭ વિવિધ કેટેગરીમાં ઈનામોની વણઝાર આ લકી ડ્રોમાં ૧૮ રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા, જેમાં કુલ ૩૬ ભાગ્યશાળી વિજેતાઓને વિવિધ ઈનામો એનાયત કરાયા હતા. ઈનામોમાં સ્માર્ટ ટીવી, સ્માર્ટફોન, રેન્જર સાયકલ, મિક્સર, બ્લેન્ડર, ખુરશી અને ચાંદીના સિક્કા સહિતની ૧૭ જેટલી ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો. વિજેતા ગ્રાહકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. આયોજકો અને સ્ટાફની જહેમત અંકુર મોબાઈલના માલિક અંકુરભાઈ જસાણી અને માનસ જસાણીના હસ્તે વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં રફીકભાઈ ગોગદાના સીધા માર્ગદર્શન હેઠળ સંજયભાઈ પરમાર તથા શોરૂમના તમામ સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે અંકુરભાઈ જસાણીએ તમામ ભાગ્યશાળી વિજેતાઓને અને ગ્રાહકોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ગ્રાહકોનો અતૂટ વિસ જ અમારી સફળતાની ચાવી છે અને ભવિષ્યમાં પણ આવા ગ્રાહકલક્ષી આયોજનો થતા રહેશે.

### તસ્કરોને પોલીસનો કોઈ ડર રહ્યો નથી

## સાવરકુંડલાનાં પીઠવડી ગામે પીઠડ માતાનાં મઢમાંથી ૧.૯૦ લાખની મત્તાની ચોરી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકા પીઠવડી ગામમાં જુના વણકર વાસમાં, મહીડા પરિવારના કુળદેવી પીઠડ માતાનો મઢ આવેલ છે. તેમાં કોઈ અજાણ્યો ચોર ઈસમે ગત તા. ૯ના રોજ શરૂ મોડી રાત્રીના૧ વાગ્યાના અરસામાં રાત્રીના સમયે પ્રવેશ કરી લોખંડની ગ્રીલે દરવાજાને મારેલ તાળુ કોઈ સાધન વડે તોડી મઢના અંદરના ભાગે પ્રવેશ કરી મઢમાં માતાજીની મુર્તી ઉપર લટકાવેલ સોના–ચાંદીના દાગીના તથા નાના મોટા ચાંદીના છત્તર તેમજ દાનપેટી તથા દાનપેટીમાં રાખેલ રોકડા રૂપિયા આશરે રૂપિયા ૫૦૦ તથા સોના–ચાંદીના દાગીના જેની કુલ કિંમત આશરે રૂપિયા ૧,૯૦,૦૦૦ની મતાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં પ્રેમજીભાઈ બેચરભાઈ મહીડાએ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમરેલી : પાણીયા ગામની યુવતીએ ભૂલથી ઝેરી દવા પી લેતા મોતને ભેટી

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાના પાણીયા ગામે રહેતી સોનલબેન જગદીશભાઈ ડાભી નામની ૨૧ વર્ષીય યુવતીને ગેસ તથા માથામાં દુ:ખાવો થતો હોય. જેથી તેણીએ ગત તા. ૭ના રોજ ૬ વાગ્યે પાણીયા ગામે ઈનો પીવા જતા ભુલથી ઈનોની બાજુમાં રહેલ ઉંદર મારવાની ઝેરી દવા પી જતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ. ત્યાં તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સમગ્ર પંથકમાં જમીનથી લઈને આકાશ સુધી ફફડાટનો માહોલ

## અમરેલીના ચિતલ રોડ પરના રહેણાંક વિસ્તારમાં દીપડાનાં ખોફ વચ્ચે હડકાયા થયેલ શ્વાને ચિંતા વધારી

### શ્વાને અનેકને બચકા ભર્યા બાદ હડકાયા શ્વાનનું મોત

અમરેલી, તા.૧૨

અમરેલી શહેરના ચિતલ રોડની સોસાયટીમાં છેલ્લા એકાદ અઠવાડિયાથી દીપડાની દહેશત વચ્ચે હવે એક હડકાયા શ્વાને ભયનું વાતાવરણ ઉભું કરતા ત્રણેક દિવસમાં અનેક લોકો હડકાયું બનેલું શ્વાન કરડી ગયાનું જાણવા મળેલ છે. બાદમાં શ્વાનનું મોત નીપજયાનું જાણવા મળેલ છે.

જાણવા મળતી વિગત મુજબ અમરેલી શહેરના ચિતલ રોડ વિસ્તારની સોસાયટીમાં છેલ્લા એકાદ અઠવાડિયાથી દીપડાની દહેશત ફેલાયેલ છે. આ દીપડો હજુ પીંજરે પુરાયો નથી. ત્યાં હવે ચિતલ રોડ ઉપર ગુરૂકૃપાનગર સોસાયટીમાં એક હડકાયા બનેલા શ્વાને ભયનું વાતાવરણ ઉભું કરી દઈ ત્રણેક દિવસમાં અનેક લોકો કરડી ગયાનું જાણવા મળેલ છે.

અમરેલી શહેરનાં ચિતલ રોડ ઉપર આવેલ ગુરૂકૃપા સોસાયટીની આજુબાજુન વિસ્તારમાં સ્કૂલ, અનેક ધાર્મિક મંદિર હોવાનાં કારણે મહિલા સોસાયટીથી લઈ ગાયત્રી મંદિર સુધીમાં અનેક લોકો વસવાટ કરતા હોય ત્યારે છેલ્લા ત્રણેક દિવસથી આ વિસ્તારમાં એક હડકાયા બનેલા શ્વાને ભયનું વાતાવરણ ઉભું કરી દઈ ત્રણેક દિવસમાં અનેક લોકો કરડી ગયાનું જાણવા મળેલ છે.

આ હડકાયા બનેલા શ્વાનને પકડી જવા માટે પશુ ચિકિત્સક, પાલિકાના જવાબદાર અધિકારીઓ સહિતનાને જણ કરવા છતાં પણ કોઈ કાર્યવાહીના થવાનાં કારણે લોકોમાં રોષ ભભુકી ઉઠયો છે. જો કે, હડકાયા શ્વાનનું મોત નિપજયાનું જાણવા મળેલ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241




ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૧૦,પહેલા માળે, ફિરદ્દોસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦





















### ગુજરાતમાં વડાપ્રધાન મોદી અને મર્ઝની મહત્ત્વપૂર્ણ બેઠક

# ભારત અને જર્મની વચ્ચે શિક્ષણથી લઈને સેમિકંડક્ટર સુધી ૪ મહત્ત્વપૂર્ણ MoU

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંને દેશો વચ્ચે થયેલા કરારોને ભરોસાનું પ્રતીક જણાવી સંરક્ષણ વ્યાપાર અને રોડમેપ તૈયાર કરવાની વાત કરી હતી

ગાંધીનગર, તા.૧૨

ભારત અને જર્મની વચ્ચે આજે ૧૨ જાન્યુઆરીના રોજ સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે મહત્વના કરાર થયા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે ક્રિટિકલ મિનરલ્સ, સેમીકંડકટર અને શિક્ષણ સહિત મોટા ૪ MoUs (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પણ કર્યા, વડાપ્રધાન મોદીએ બંને દેશો વચ્ચે થયેલા કરારોને ભરોસાનું પ્રતીક જણાવી સંરક્ષણ વ્યાપાર અને રોડમેપ તૈયાર કરવાની વાત કરી.

૧૨ જાન્યુઆરી ભારત માટે કૂટનૈતિક અને ભવિષ્યની રણનીતિને લઈને ખૂબ જ ખાસ દિવસ રહ્યો, એક તરફ સમગ્ર દેશ સ્વામી વિવેકાનંદની જયંતી મનાવી રહ્યો છે, તો બીજી તરફ ગુજરાતથી ભારત અને જર્મનીના સંબંધોનો નવો પાયો નાખવામાં આવ્યો છે. જર્મન ચાન્સેલરની ભારત યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે એવા કરારો થયા જેની સીધી અસર સુરક્ષા, શિક્ષણ, ટેકનિકલ વિકાસને થશે, વડાપ્રધાન મોદી અને જર્મન ચાન્સેલર વચ્ચે માત્ર વાતચીત જ નહીં પણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને સંરક્ષણથી લઈને સેમીકંડકટર સુધી આવનારા પડકારોને ઝીલવાનો રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો. આ હાઈ પ્રોફાઈલ મુલાકાત પર દુનિયાની નજર હતી, જેમી ૪ મુખ્ય MoUs (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) થયા, જેના પર બંને દેશોએ મંજૂરીની મહોર લગાવી, સૌથી અગત્યનો કરાર ક્રિટિકલ મિનરલ્સ, સેમીકંડકટરને લઈને થયો, આજના ડિજિટલ યુગમાં મોબાઈલથી લઈને મિસાઈલ સુધી દરેક જગ્યાએ સેમીકંડકટરની જરૂર પડી રહી છે, તેવામાં જર્મનીનો સાથ મળશે તો ભારતની ટેકનિકલ ક્ષમતાઓને નવી ગતિ મળશે.

આ ઉપરાંત સંરક્ષણ કરાર પર એક સંયુક્ત ઘોષણાપત્ર પણ જાહેર કરવામાં આવ્યું, PM મોદીએ સાફ શબ્દોમાં કહ્યું કે રક્ષા અને સુરક્ષામાં બંને દેશોનો સહકાર પરસ્પર ભરોસાનું પ્રતીક છે, બંને દેશ હવે સંરક્ષણ વેપારને આગળ વધારવા રોડમેપ તૈયાર કરશે. ત્રીજો કરાર હાયર એજ્યુકેશન એટલે કે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે થયો, જેથી ભારતીય વિદ્યાર્થીઓ માટે નવા અવસર ઊભા થશે તેવા આશા છે. ઉપરાંત, આયુર્વેદને વિશ્વના મંચ પર લઈ જવા પણ બંને દેશે હાથ મળાવ્યાં છે.વાતચીત માત્ર વેપાર પૂરતી સીમિત ન હતી, પ્રધાનમંત્રી મોદીએ વૈશ્વિક શાંતિ અને સુરક્ષાના મુદ્દે પણ જર્મન ચાન્સેલર સાથે ગહન ચર્ચાઓ કરી, બંને નેતાઓએ યુક્રેન અને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે મંત્રણા કરી, આ દરમિયાનઁ ર મોદીએ આતંકવાદને લઈને કડક વલણ રાખતા કહ્યું કે આતંકવાદ માનવતા માટે ખતરો છે, સાથે સ્પષ્ટ સંકેત આપ્યો કે ભારત સુરક્ષાના મામલે દુનિયાને એકસાથે લાવવાનો પ્રત્યન કરી રહ્યું છે, આ અભિયાનમાં જર્મની એક મહત્વનું ભાગીદાર છે.ઁ ર મોદીએ એ પણ યાદ અપાવ્યું કે ભારતમાં ૨ હજારથી વધુ જર્મન કંપનીઓ લાંબા સમયથી કામ કરી રહી છે. જે બંને દેશોના સંબંધોની ઊંડાઈને ઉજાગર કરે છે. વડાપ્રધાન મોદીએ જર્મન ચાન્સેલરની ભારત યાત્રાને સ્વામી વિવેકાનંદના જન્મ દિવસ સાથે જોડતા કહ્યું કે, સ્વામીજીએ ભારત અને જર્મની વચ્ચે દર્શન અને ન્યાયના સંબંધોની વકીલાત કરી હતી, તો બીજી તરફ જર્મન ચાન્સેલરે તેમનો અનુભવ જણાવતા કહ્યું કે, આજે સવારે જ મહાત્મા ગાંધી સાથે જોડાયેલા સ્થળની મુલાકાત કરી, તેમણે ગાંધીજીના એ પ્રસિદ્ધ કથનને યાદ કર્યું કે જે પરિવર્તન તમે દુનિયામાં જોવા માંગો છો, તે તમે બનો, જર્મન ચાન્સલરે અમદાવાદને આધુનિક ભારતનો પાયો બતાવી કહ્યું હતું કે ગાંધીજીએ અહીંથી જ સંઘર્ષની શરૂઆત કરી હતી.

### કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી જવાબ માંગતી સુપ્રીમ

# SC અને ST અનામતમાં ક્રીમી લેયરને લાભ ના મળવો જોઈએ?

## અરજદારો ઇચ્છે છે કે, સમૃદ્ધ લોકોને અનામતનો લાભ ના મળવો જોઈએ, અને સુપ્રીમ કોર્ટે આવું કરવા માટે જરૂરી નિર્દેશો આપવા જોઈએ

નવી દિલ્હી, તા.૧૨

સુપ્રીમ કોર્ટે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટેની અનામતમાંથી ક્રીમી લેયરને બાકાત કરવાની માંગણી કરતી અરજી દાખલ કરીને કેન્દ્ર સરકાર તેમજ દેશના વિભિન્ન રાજ્ય સરકારોને નોટિસ ફટકારીને જવાબ રજૂ કરવા જણાવ્યુ છે. આજે સોમવારે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટમાં કરાયેલ અરજીમાં એવી રજૂઆત કરાઈ છે કે, ક્રીમી લેયરને અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટેની અનામતનો લાભ ના મળે. સુપ્રીમ કોર્ટે આ અરજી સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકારોને નિર્દેશો જાહેર કર્યા છે. સુપ્રીમ કોર્ટે ચાર અઠવાડિયામાં આ અરજી સંદર્ભે જવાબ માંગ્યો છે.

આ બાબતે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે અરજી દાખલ કરીને તેના પર સુનાવણી કરવા સંમતિ આપી અને SC અને ST અનામતમાં પણ 'ક્રીમી લેયર' લાગુ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે. અરજદારે દાવો કર્યો હતો કે, અનામતનો લાભ મોટાભાગે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના શ્રીમંત અને વિશેષાધિકૃત વર્ગો મેળવી રહ્યા છે, જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ગરીબો પાછળ રહી ગયા છે.

૧ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, પોતાના ૨૦ વર્ષ જૂના નિર્ણયને ઉથલાવીને, સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, રાજ્ય સરકારો અનુસૂચિત જાતિ ક્વોટામાં પેટા-શ્રેણીઓ બનાવી શકે છે. બેન્ચે જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિઓને તેમની જાતિના આધારે વિભાજીત કરવાથી બંધારણની કલમ ૩૪૧નું ઉલ્લંઘન થતું નથી.

સાત ન્યાયાધીશોની બેન્ચના ભાગ રહેલા ન્યાયાધીશ બી.આર. ગવઈએ જણાવ્યું હતું કે, રાજ્યોએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જૂથોમાં ક્રીમી લેયરને ઓળખવા અને તેમને અનામત લાભોથી વંચિત રાખવા માટે નીતિ પણ બનાવવી જોઈએ.

જોકે, ૯ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, કેન્દ્ર સરકારે જાહેરાત કરી હતી કે તે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અનામતમાં ક્રીમી લેયરનો ખ્યાલ લાગુ કરશે નહીં. કેબિનેટ બેઠક બાદ, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, દ્ગઙ્ઘછ સરકાર બીઆર આંબેડકર દ્વારા બનાવવામાં આવેલા બંધારણથી બંધાયેલી છે, જેમાં જીઝ્ર અને ST ક્વોટામાં ક્રીમી લેયર માટે કોઈ જોગવાઈ નથી.

### અમેરિકાના રાજદૂતે ટ્રેડ ડીલ પર આપી જાણકારી

# ભારત જેવું કોઈ નથી, પીએમ મોદી-ટ્રમ્પની મિત્રતા વાસ્તવિક છે

## અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે સંકેત આપ્યો કે બંને દેશો વચ્ચે રણનીતિક ભાગીદારી વધુ મજબૂત થવા જઈ રહી છે

નવી દિલ્હી, તા.૧૨

ભારતમાં અમેરિકી રાજદૂતનું પદ સંભાળ્યા બાદ સર્જિયો ગોરએ ભારત-અમેરિકાની રણનીતિક ભાગીદારીને લઈને મોટું નિવેદન આપ્યું છે. આ સિવાય તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મિત્રતાનો પણ ઉલ્લેખ કર્યો છે.સર્જિયો ગોરે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી મોદીની મિત્રતાનો ઉલ્લેખ કરતા કહ્યું કે ટ્રમ્પ અને મોદીની મિત્રતા રિયલ છે. ગોરે પીએમ મોદીને ટ્રમ્પના 'Dear Friend' ગણાવ્યા અને કહ્યું કે બંને નેતાઓ વચ્ચે આપસી વિશ્વાસ અને સન્માન છે.તેમણે કહ્યું કે અમેરિકાના નેતૃત્વવાળી નવી વૈશ્વિક પહેલ પેક્સસિલિકા (Pax Silica) માં ભારતને પૂર્ણ સભ્યના રૂપમાં સામેલ થવા માટે આગામી મહિને આમંત્રિત કરવામાં આવશે. આ જાહેરાત બંને દેશો વચ્ચે તકનીક, સપ્લાય ચેન અને રણનીતિક સહયોગની દ્રષ્ટિએ મહત્વનો માનવામાં આવી રહ્યો છે.સર્જિયો ગોરે જણાવ્યું કે પેક્સિલિકા અમેરિકા દ્વારા પાછલા મહિને શરૂ કરવામાં આવેલી એક રણનીતિક પહેલ છે. તેનો ઉદ્દેશ્ય મહત્વપૂર્ણ ખનિજો, ઉર્જા, ઈનપુટ, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ અને લોજિસ્ટિક્સ સાથે જોડાયેલી એક સુરક્ષિત, સમૃદ્ધ અને ઈનોવેશન-આધારિત સિલિકોન સપ્લાય ચેન તૈયાર કરવાની છે. તેમણે જણાવ્યું કે આ પહેલલમાં પહેલા જ જાપાન, દક્ષિણ કોરિયા, યુનાઈટેડ કિંગડમ અને ઈઝરાયલ સામેલ થઈ ગયા છે અને હવે ભારતને પણ આ સમૂહમાં પૂર્ણ સભ્ય બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી રહી છે.ભારત-અમેરિકા ટ્રેડ ડીલને લઈને સર્જિયો ગોરે કહ્યુ કે બંને દેશો વચ્ચે આ વિષય પર સતત વાતચીત ચાલી રહી છે. તેમણે કહ્યું કે બંને પક્ષ આ ડીલને અંતિમ રૂપ આપવા માટે દ્રઢ સંકલ્પિત છે અને આગામી ઔપચારિક વાતચીત કાલે થવાની છે.રાજદૂત ગોરે ભારતની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું- નમસ્તે અહીં હોવું એક મહાન અનુભવ છે. ભારત અને અમેરિકાની ભાગીદારીને આગામી સ્તરે લઈ જવું અમારૂ લક્ષ્ય છે. તેમણે જણાવ્યું કે તેનો પ્રથમ ભારત પ્રવાસ વર્ષ ૨૦૨૩માં થયો હતો, જ્યારે તેમણે જયપુર, રણથંભૌર અને પંજાબની યાત્રા કરી હતી. તેમણે કહ્યું કે ભારતના લોકો મિત્ર છે.

### ટ્રમ્પની વધુ એક ધમકીથી યુરોપમાં ચિંતા વધી

# ગ્રીનલેન્ડ ભાડાપટ્ટે નથી જોઈતું, માલિક બનીશું

## એર ફોર્સ વન વિમાનમાં પત્રકારો સાથે વાતચીતમાં ટ્રમ્પે કહ્યું છે, હું નથી ઇચ્છતો કે રશિયા અથવા ચીન ગ્રીનલેન્ડ લઈ લે

વોશિંગ્ટન, તા.૧૨

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે, કે અમેરિકા ગમે તે ભોગે ગ્રીનલૅન્ડ લઈને જ રહેશે. ટ્રમ્પનો દાવો છે કે જો અમેરિકા ગ્રીનલૅન્ડ પર કબજો નહીં કરે તો ચીન અથવા રશિયા કબજો કરી લેશે. એર ફોર્સ વન વિમાનમાં પત્રકારો સાથે વાતચીતમાં ટ્રમ્પે કહ્યું છે, હું નથી ઈચ્છતો કે રશિયા અથવા ચીન ગ્રીનલૅન્ડ લઈ લે. હું વાતચીતના માધ્યમથી ડીલ કરવાનું પસંદ કરીશ. ડીલ કરવી જ સરળ રહેશે, પણ છેવટે ગમે તે ભોગે ગ્રીનલૅન્ડ લઈને જ રહીશું. પત્રકારોએ જ્યારે ટ્રમ્પને પૂછ્યું કે શું તેઓ ગ્રીનલૅન્ડ લેવા માટે સૈન્ય કાર્યવાહી કરવા આદેશ આપશે? તો તેમણે કહ્યું, કે અમેરિકાનું ધ્યાન માત્ર ગ્રીનલૅન્ડ પર અધિકાર સ્થાપિત કરવા પર છે. અમને ગ્રીનલૅન્ડ લીઝ પર અથવા થોડા સમય માટે નથી જોઈતું. પણ અમે ગ્રીનલૅન્ડના એકમાત્ર માલિક બનવા માંગીએ છીએ. ટ્રમ્પે વધુમાં કહ્યું, કે ગ્રીનલૅન્ડની સુરક્ષા વ્યવસ્થા ખૂબ નબળી છે. ત્યાં નામ પૂરતી સુરક્ષા થઈ રહી છે. ગ્રીનલૅન્ડની આસપાસ રશિયા અને ચીનના યુદ્ધ જહાજોની હાજરી છે. ત્યાં અમેરિકાની સેનાની માત્ર હાજરીથી કામ નહીં થાય. અમને ગ્રીનલૅન્ડની માલિકી જોઈએ છે. નોંધનીય છે કે ગ્રીનલૅન્ડ ડેન્માર્કનું એક સ્વાયત્ત ક્ષેત્ર છે. આર્કટિકમાં શિપિંગ રૂટ અને મિલીટરી કોરિડોરના કારણે ગ્રીનલૅન્ડનું ખૂબ મહત્ત્વ રહ્યું છે.

### રાઉત-ફડણવીસ સામ સામે

# ૧૦ મિનિટમાં મુંબઈ બંધની ધમકી પર CM બોલ્યા-શિંદેને તો રોકી ન શક્યા

## એક ટીવી કાર્યક્રમમાં સંજય રાઉતે કહ્યું હતું, "અમારું સંગઠન મજબૂત છે, આજે પણ અમે ૧૦ મિનિટમાં મુંબઈ બંધ કરાવી શકીએ છીએ

મુંબઈ, તા.૧૨

૧૫ જાન્યુઆરીએ યોજાનારી BMC (બૃહન્મુંબઈ મહાનગરપાલિકા) ચૂંટણીને લઈને મહારાષ્ટ્રનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. શિવસેના (UBT)ના રાજ્યસભા સાંસદ સંજય રાઉતના ૧૦ મિનિટમાં મુંબઈ બંધ કરાવવાના દાવા પર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આકરો પલટવાર કર્યો છે. તેમણે રાઉતની વાતને શિયાળની ધમકી ગણાવીને કહ્યું કે સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરેના સમયમાં આવું શક્ય હતું, પરંતુ હવે એવું નથી.એક ટીવી કાર્યક્રમમાં સંજય રાઉતે કહ્યું હતું, "અમારું સંગઠન મજબૂત છે. આજે પણ અમે ૧૦ મિનિટમાં મુંબઈ બંધ કરાવી શકીએ છીએ... આને ધમકી જ સમજી લો." ખાસ વાત એ છે કે, થોડા સમય પછી એ જ ચેનલના કાર્યક્રમમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ પહોંચ્યા હતા, જ્યાં તેમણે રાઉતના આ નિવેદન પર પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું, "જુઓ, પહેલી વાત તો એ કે, શિયાળની ધમકીઓથી ડરનારા લોકો અમે નથી. બીજું, જો તમારી તાકાત એટલી જ હતી તો તમે પડકાર ફેંક્યો હતો કે જે સમયે એકનાથ શિંદે મુંબઈમાં આવશે, અમે તેમને પ્રવેશ નહીં કરવા દઈએ. મુંબઈમાં પગ નહીં મૂકી શકે." ફડણવીસે વધુમાં કહ્યું, "એકનાથ શિંદે મુંબઈમાં આવ્યા. ૫૦ ધારાસભ્યો સાથે આવ્યા. આ જ મુંબઈના રસ્તેથી અમે રાજભવન ગયા અને સરકાર સ્થાપિત કરી. મુંબઈ બંધ કરાવવાનું તો છોડો, આ લોકો પોતાના ઘરની આસપાસ પણ બંધ ન કરાવી શક્યા. આ બધી માત્ર બોલવાની વાતો છે. જુઓ, જે સમયે બાળાસાહેબ ઠાકરે હતા, તે સમયની શિવસેનાની તાકાત હતી કે બાળાસાહેબના એક ઈશારા પર બે કલાકમાં મુંબઈ બંધ થઈ શકતું હતું. હવે એમનામાં કોઈનામાં દમ નથી."ખાસ વાત એ છે કે મ્સ્ઝ્ર ચૂંટણી માટે ઠાકરે બંધુઓ, રાજ અને ઉદ્ધવ, એ ગઠબંધન કર્યું છે. આ અંગે સંજય રાઉતે કહ્યું, "ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે ભાઈઓ છે. તેમની માતાઓ બહેનો છે. આ પરિવારનો મામલો છે. હું બંનેનો મિત્ર છું. જો તેમના એક થવામાં મારી કોઈ પણ ભૂમિકા હોય, તો હું મારી જાતને ભાગ્યશાળી માનીશ."

# મણિશંકર અય્યરનું નિવેદન હિન્દુ ધર્મ મહાન છે પણ એને હિન્દુત્વથી જ ખતરો

નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે રવિવારે કોલકાતા ડિબેટિંગ સર્કલ દ્વારા આયોજિત એક ચર્ચામાં ભાગ લીધો હતો. હિન્દુત્વથી હિન્દુ ધર્મને સુરક્ષાની જરૂર છે વિષય પર બોલતાં અય્યરે હિન્દુત્વને એક રાજકીય વિચારધારા ગણાવી તેની આકરી ટીકા કરી હતી.

મણિશંકર અય્યરે કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, હિન્દુત્વ એ વાસ્તવમાં હિન્દુ ધર્મ નથી પણ એક પેરુનોઈયા(ડરની માનસિકતા) છે. જ્યાં ૮૦% હિન્દુઓને ૧૪% મુસ્લિમો સામે ડરવા માટે મજબૂર કરવામાં આવે છે. જેમાં એક ભાજપ નેતા એક અંધ, ભૂખી આદિવાસી છોકરીને થપ્પડ મારે છે, કારણ કે તે ચર્ચમાં ક્રિસમસ લંચમાં હાજરી આપે છે. તેમજ શોપિંગ મોલ્સમાં જઈને ક્રિસમસની સજાવટ તોડવી એ બધુ હિન્દુત્વના નામે થઈ રહ્યું છે.

મણિશંકર અય્યરે હિન્દુ ધર્મ અને હિન્દુત્વ વચ્ચેનો પાયાનો તફાવત સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, હિન્દુ ધર્મ એ હજારો વર્ષ જૂનો, મહાન અને ગહન આધ્યાત્મિક વારસો ધરાવતો ધર્મ છે, જ્યારે હિન્દુત્વ એ માત્ર ૧૯૨૩માં અસ્તિત્વમાં આવેલી એક અર્વાચીન રાજકીય વિચારધારા છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, હિન્દુ ધર્મએ સદીઓથી અનેક પડકારો અને મુશ્કેલીઓનો સફળતાપૂર્વક સામનો કર્યો છે અને તે હંમેશા સુરક્ષિત રહ્યો છે, તેથી તેને બચાવવા માટે હિન્દુત્વ જેવી કોઈ અલગ સુરક્ષા કે રક્ષણની ક્યારેય જરૂર નહોતી. મહાત્મા ગાંધી અને સ્વામી વિવેકાનંદ જેવા મહાનુભાવો દ્વારા પ્રસ્તુત ઉદાર અને સર્વસમાવેશી હિન્દુ ધર્મને સાવરકરના હિન્દુત્વવાદી વિચારો દ્વારા ક્યારેય પ્રોત્સાહન આપી શકાય નહીં અથવા તેની સાથે જોડી શકાય નહીં.વીર સાવરકરનો ઉલ્લેખ કરતાં અય્યરે દાવો કર્યો કે, સાવરકરે બૌદ્ધ ધર્મને હિન્દુઓ માટે ખતરો ગણાવ્યો હતો કારણ કે તેમાં અહિંસા પર ભાર મૂકવામાં આવ્યો હતો. હિન્દુ ધર્મ હજારો વર્ષ જૂનો છે જે સાવરકરના હિન્દુત્વ વગર પણ સમૃદ્ધ અને મજબૂત છે. ગાંધીજી અને સ્વામી વિવેકાનંદનો હિન્દુ ધર્મ અહિંસા પર આધારિત છે, જ્યારે સાવરકરનું હિન્દુત્વ હિંસાને ઓળખ માને છે. ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ અય્યરના નિવેદન પર તીખી પ્રતિક્રિયા આપતાં સવાલ કર્યો કે, માત્ર ભારતીય ધર્મો સાથે જ વાદ(Ism) કેમ જોડવામાં આવે છે? હિન્દુત્વ એટલે હિન્દુ તત્વ. જ્યારે તમે હિન્દુ ધર્મનું પાલન કરો છો, ત્યારે જ તેને હિન્દુત્વ કહેવાય છે.

બીજી તરફ, ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ આક્ષેપ કર્યો કે, કોંગ્રેસ વારંવાર સનાતન ધર્મનું અપમાન કરી રહી છે. તેમણે કહ્યું, અય્યરનું નિવેદન એવું જ છે કે જાણે માતા અને માતૃત્વ અલગ હોય. સુપ્રીમ કોર્ટે પણ હિન્દુત્વને જીવન જીવવાની એક રીત ગણાવી છે, છતાં કોંગ્રેસ તેને ISIS જેવી આતંકી સંસ્થાઓ સાથે સરખાવી રહી છે.

# પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની તબિયત બગડી

નવી દિલ્હી, તા.૧૨

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને સોમવારે નવી દિલ્હી ખાતે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (AIIMS) માં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર તેઓ ગત અઠવાડિયે બે વખત બેહોશ થયા હતા, ત્યારબાદ ડૉક્ટર તેમની સ્થિતિ ધ્યાને રાખીને હોસ્પિટલમાં દાખલ કરીને MRI સહિત અન્ય તપાસ કરાવવા માટેની ભલામણ કરી હતી. ૧૦ જાન્યુઆરીએ ધનખડ વોશરૂમ જતા સમયે બે વખત બેહોશ થઈ ગયા હતા. સોમવારે તેઓ નિયમિત તપાસ કરાવવા માટે એઈમ્સ પહોંચ્યા હતા, જો કે ડૉક્ટરે સ્થિતિને જોતા તત્કાલ દાખલ કરવાનો નિર્ણય લીધો હતો. આ પહેલીવાર નથી જ્યારે ધનખડને જાહેર જીવનમાં આવી સમસ્યાનો સામનો કરવો પડ્યો હોય. ઉપરાષ્ટ્રપતિ રહેવા દરમિયાન પણ તેઓ કચ્છના રણ, ઉત્તરાખંડ, કેરળ અને દિલ્હીમાં અનેક વખત જાહેર કાર્યક્રમો દરમિયાન અસ્વસ્થ થઈને બેહોશ થઈ ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે, જગદીપ ધનખડે ગત્ત વર્ષે ૨૧ જુલાઈના રોજ પોતાની ખરાબ તબિયતનો હવાલો ટાંકતા ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે પોતાના રાજીનામા અંગે સ્પષ્ટતા કરી હતી કે, હવે તેમની પ્રાથમિકતા સ્વાસ્થ છે અને તેઓ ડોક્ટરની સલાહનું ગંભીરતાથી પાલન થઈ શકે તે માટે તત્કાલ પ્રભાવથી પોતાની જવાબદારી છોડી રહ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મોકલેલા પોતાના રાજીનામા અને અધિકારીક પત્રમાં ધનખડે ઉલ્લેખ કર્યો હતો કે, 'સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા તથા ડોક્ટર્સની સલાહનું પાલન કરવા માટે હું સંવિધાનના અનુચ્છેદ ૬૭(એ) અંતર્ગત ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી મારુ રાજીનામું આપું છું.'

### વોશિંગ્ટન સુંદર ODI સિરીઝમાંથી બહાર

# BCCIએ દિલ્હીના ઓલરાઉન્ડર આયુષ બદોનીને તક આપી છે

## મેચમાં વોશિંગ્ટન સુંદરને ઈજા થઈ હતી : તબીબી સલાહ બાદ તેને આખી સિરીઝમાંથી બહાર કરવામાં આવ્યો છે

નવી દિલ્હી, તા.૧૨

ન્યૂઝીલેન્ડ સામે ચાલી રહેલી ત્રણ મેચની ODI શ્રેણી દરમિયાન ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ૧૧ જાન્યુઆરી, રવિવારના રોજ વડોદરા ODI દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. વડોદરા સ્થિત કોટંબી સ્ટેડિયમમાં બોલિંગ કરતી વખતે વોશિંગ્ટન સુંદરને સાઈડ સ્ટ્રેનના કારણે અચાનક દુખાવો થવા લાગ્યો. દુખાવો વધતાં તેને મેદાન છોડીને જવું પડ્યું. સુંદર હવે બાકીની બે મેચમાંથી બહાર થયો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે વોશિંગ્ટન સુંદરના રિપ્લેસમેન્ટની પણ જાહેરાત કરી છે. BCCIએ દિલ્હીના પાવરફુલ ઓલરાઉન્ડર આયુષ બદોનીને તક આપી છે. ૨૬ વર્ષીય ખેલાડી તાજેતરમાં વિજય હજારે ટ્રોફી ૨૦૨૫-૨૬માં રમ્યો હતો. આ એ જ ખેલાડી છે જેને શોધવામાં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આયુષ બદોની એક શાનદાર ઓલરાઉન્ડર છે, તે બેટિંગ સાથે સ્પિન બોલિંગ પણ કરે છે. ઘરેલુ ક્રિકેટમાં દિલ્હી તરફથી રમે છે. તો આયુષે IPLમાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે પણ સારું પ્રદર્શન કર્યું છે. તે મિડલ ઓર્ડરમાં ઝડપથી સ્કોર કરી શકે છે અને જરૂર પડ્યે ઓફ-સ્પિન બોલિંગ પણ કરે છે. BCCI દ્વારા તેને પહેલીવાર તક આપવામાં આવી છે.સૌથી મોટો પ્રશ્ન એ છે કે બદોનીને ટીમમાં શામેલ કરવા પાછળ કઈ ખાસિયત છે. તે નંબર ૩થી ૭ સુધી બેટિંગ કરી શકે છે. પછી ભલે ઈનિંગ્સને સંભાળવાની હોય કે તેને ફિનિશ કરવાની બદોની તે પ્રશંસનીય રીતે કરે છે. તેણે અનેક વખત એકલા હાથે દિલ્હીને વિજય અપાવ્યો છે. બેટથી ઘાતક હોવા ઉપરાંત આ ખેલાડીએ બોલિંગથી પણ મેચને પલટવાની ક્ષમતા ધરાવે છે. તેણે વ્યાવસાયિક ક્રિકેટમાં કુલ ૫૭ વિકેટ લીધી છે.

# હર્ષિત રાણાએ તોડ્યો બુમરાહનો ખાસ રેકોડ

નવી દિલ્હી, તા.૧૨

હર્ષિત રાણાએ નવા વર્ષમાં ન્યુઝીલેન્ડ સામે પોતાની પહેલી મેચ રમીને તેના પ્રદર્શનથી બધાના દિલ જીતી લીધા છે. હર્ષિતે પહેલા બોલથી તબાહી મચાવી અને પછી બેટથી શાનદાર પ્રદર્શન કર્યું. એકંદરે આ મેચ તેના માટે ખૂબ જ ખાસ હતી. મેચમાં બે મહત્વપૂર્ણ વિકેટ લઈને તેણે જસપ્રીત બુમરાહ અને ઈરફાન પઠાણ જેવા દિગ્ગજોનો ખાસ રેકોર્ડ તોડ્યો છે.

૨૦૨૫માં વનડે ડેબ્યૂ કરનાર હર્ષિત રાણા હવે પ્રથમ ૧૨ વનડેમાં સૌથી વધુ વિકેટ લેનાર ભારતનો બીજો બોલર બની ગયો છે. તેના નામે ૨૩ વિકેટ છે. તેણે આ યાદીમાં ઈરફાન પઠાણ (૨૧ વિકેટ) અને જસપ્રીત બુમરાહ (૨૨ વિકેટ)ને પાછળ છોડી દીધા છે. અજિત અગરકર ભારત માટે પોતાની પ્રથમ ૧૨ વનડેમાં કુલ ૨૯ વિકેટો લઈને નંબર વન પર છે. આ રેકોર્ડ તોડવો અત્યંત મુશ્કેલ માનવામાં આવે છે.

પ્રથમ ૧૨ ODIમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર

૨૯ - અજિત અગરકર
૨૩ - હર્ષિત રાણા
૨૨ - જસપ્રીત બુમરાહ
૨૧ - ઈરફાન પઠાણ

વર્ષ ૨૦૨૬ની પહેલી મેચમાં હર્ષિત રાણાએ ૧૦ ઓવરમાં ૬૫ રન આપીને ૨ વિકેટ લીધી અને ૨૩ બોલમાં ૨ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૨૯ રન બનાવ્યા. આ એ જ હર્ષિત રાણા છે જેને ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરની નજીક હોવાને કારણે સોશિયલ મીડિયા પર ઘણીવાર ટ્રોલ કરવામાં આવે છે. ગંભીરના તેના પ્રત્યે નરમ વલણને ઘણીવાર ટીમમાં સતત તકોનું કારણ તરીકે દર્શાવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ છે. હર્ષિતે સખત મહેનત દ્વારા ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું છે. પસંદગીકારો તેને ભવિષ્યના સ્ટાર બોલર તરીકે જુએ છે, તેથી તેને સતત તક મળી રહી છે.

### ચૂંટણી પહેલા મોટી સંખ્યામાં રસ્તા પર ઉતર્યા લોકો

# ભારતના પડોશી દેશમાં નેપાળમાં ફરી રાજાશાહીની માંગ કરાઈ

## સેંકડો રાજાશાહી સમર્થકોએ રસ્તા પર ઉતરીને દેશમાં ફરીથી રાજાશાહી સ્થાપિત કરવાની માંગ સાથે વિશાળ રેલી યોજી હતી

કાઠમંડુ, તા.૧૨

નેપાળમાં આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલા રાજકીય ગરમાવો તેજ થયો છે. રવિવારે રાજધાની કાઠમંડુમાં સેંકડો રાજાશાહી સમર્થકોએ રસ્તા પર ઉતરીને દેશમાં ફરીથી રાજાશાહી સ્થાપિત કરવાની માંગ સાથે વિશાળ રેલી યોજી હતી.

૧૮મી સદીમાં શાહ વંશનો પાયો નાખનાર પૃથ્વી નારાયણ શાહની જન્મજયંતિના અવસરે આયોજિત આ રેલીમાં પ્રદર્શનકારીઓએ અમે અમારા રાજાને પ્રેમ કરીએ છીએ અને રાજાને પાછા લાવો જેવા નારા લગાવ્યા હતા. નોંધનીય છે કે જેન-ઝી આંદોલન અને ત્યારબાદ સપ્ટેમ્બરમાં થયેલી હિંસા પછી રચાયેલી વચગાળાની સરકારના શાસનકાળમાં મોટી સંખ્યામાં રાજશાહી સમર્થકોની રસ્તા પર ઉતર્યા હતા.

રાજાશાહી સમર્થકોની દલીલ છે કે વર્ષ ૨૦૦૮માં રાજા જ્ઞાનેન્દ્ર વિક્રમ શાહને ગાદી પરથી હટાવ્યા બાદ અમલી બનેલી ગણતંત્ર વ્યવસ્થા દેશને સ્થિરતા આપવામાં નિષ્ફળ રહી છે. તેમજ પ્રદર્શનકારીઓના મતે વર્તમાન રાજકીય અસ્થિરતા અને અવ્યવસ્થાનો એકમાત્ર ઉકેલ રાજાની વાપસી છે, જે દેશમાં ફરીથી એકતા સ્થાપિત કરી શકે છે. માર્ચમાં યોજાનારી સંસદીય ચૂંટણીઓ પૂર્વે આ આંદોલને નેપાળમાં નવી રાજકીય ચર્ચા જગાવી છે. જોકે, ભૂતકાળમાં આવી રેલીઓ દરમિયાન હિંસા જોવા મળી હતી, પરંતુ આ વખતનું પ્રદર્શન શાંતિપૂર્ણ રહ્યું હતું. તેમ છતાં, વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત રાખ્યો હતો. નિષ્ણાતો માને છે કે ચૂંટણી નજીક આવતા જ રાજાશાહીનો આ મુદ્દો મોટું રાજકીય હથિયાર બની શકે છે.

## ગુજરાત પોલીસ ભરતી અપડેટ

# PSI-LRDની શારીરિક કસોટી માટે કોલ લેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા શરૂ

### રાજ્યના વિવિધ કેન્દ્રો પર કડક બંદોબસ્ત અને આધુનિક ટેકનોલોજીના દેખરેખ હેઠળ આ પરીક્ષા લેવામાં આવશે

અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં ખાખી પહેરવાનું સપનું જોતા લાખો યુવાનો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક (LRD) કેડરની સીધી ભરતી માટેની શારીરિક ક્ષમતા કસોટીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. રાજ્યમાં આગામી ૨૧ જાન્યુઆરીથી શારીરિક પરીક્ષાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ત્યારે શારીરિક કસોટી માટે કોલ લેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા આજે બપોરે ૨ વાગ્યાથી શરૂ થઈ ગઈ છે.લાંબા સમયની પ્રતિક્ષા બાદ હવે ભરતી બોર્ડ દ્વારા પરીક્ષાનું સમયપત્રક સ્પષ્ટ કરવામાં આવ્યું છે. જે ઉમેદવારોએ આ કેડર માટે અરજી કરી છે, તેઓની શારીરિક ક્ષમતા કસોટી આગામી ૨૧ જાન્યુઆરીથી શરૂ થશે. રાજ્યના વિવિધ કેન્દ્રો પર કડક બંદોબસ્ત અને આધુનિક ટેકનોલોજીના દેખરેખ હેઠળ આ પરીક્ષા લેવામાં આવશે.ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા લાંબા સમયથી પ્રતીક્ષિત પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક દળ(LRD)ની શારીરિક કસોટીની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં વર્ગ-૩ સંવર્ગની કુલ ૧૩,૫૯૧ જગ્યાઓ માટે યોજાનારી આ ભરતી પ્રક્રિયા અંતર્ગત આગામી ૨૧મી જાન્યુઆરીથી શારીરિક કસોટી શરુ થઈ જશે. ત્યારે GPRB/૨૦૨૫૨૬/૧ અન્વયે PSI અને લોકરક્ષક કેડરની શારીરિક કસોટી માટે ઉમેદવારો પોતાનું કોલલેટર આજે ૧૨મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજથી ડાઉનલોડ કરી શકશે.ગુજરાત પોલીસ વિભાગમાં ખાલી પડેલી PSI અને LRDની કુલ ૧૩,૫૯૧ જગ્યાઓ માટે લાખો ઉમેદવારોએ અરજી કરી છે. શારીરિક કસોટી એ આ ભરતી પ્રક્રિયાનો પ્રથમ અને અત્યંત મહત્ત્વનો તબક્કો છે. જે ઉમેદવારો દોડ અને અન્ય શારીરિક માપદંડોમાં પાસ થશે, તેઓ જ લેખિત પરીક્ષા માટે પાત્ર ગણાશે.

ભરતી બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઉમેદવારોએ સમયસર કોલલેટર ડાઉનલોડ કરી લેવા અને તેમાં દર્શાવેલા સ્થળ તેમજ સમય મુજબ હાજર રહેવું. ઉમેદવારોએ શારીરિક કસોટીના દિવસે કોલ લેટરની પ્રિન્ટ સાથે ઓરિજિનલ આઈડી પ્રૂફ (આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ વગેરે) અને પાસપોર્ટ સાઈઝના ફોટા, જરૂરી ઓરિજિનલ ડૉક્યુમેન્ટ્સ સાથે રાખવા અનિવાર્ય છે. શિયાળાની મોસમ હોવાથી વહેલી સવારે દોડનું આયોજન કરવામાં આવશે, જેથી ઉમેદવારોએ સમયસર ગ્રાઉન્ડ પર પહોંચવું હિતાવહ છે.

પોલીસ ભરતી બોર્ડ દ્વારા દર વખતની જેમ આ વખતે પણ શારીરિક કસોટી અત્યંત પારદર્શક રીતે અને ટૅક્નોલૉજીના ઉપયોગ સાથે લેવામાં આવશે. દોડ માટે RFID ચીપનો ઉપયોગ કરવામાં આવશે જેથી સમયની સચોટ નોંધણી થઈ શકે. મેદાનો પર સીસીટીવી કેમેરા અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને સોશિયલ મીડિયા પર વહેતી થતી અફવાઓથી દૂર રહેવા અને માત્ર સત્તાવાર વેબસાઈટ પરની માહિતીને જ સાચી માનવા અપીલ કરવામાં આવી છે. શારીરિક કસોટી પાસ કરનાર ઉમેદવારો જ આગામી લેખિત પરીક્ષા માટે લાયક ઠરશે.

ગુજરાત પોલીસ દળમાં જોડાવા માંગતા હજારો ઉમેદવારો માટે આ એક નિર્ણાયક તબક્કો છે. ભરતી બોર્ડ દ્વારા પારદર્શક રીતે પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે પૂરતી તૈયારીઓ કરી લેવામાં આવી છે.

## નવા અમરેલીનાં નિમાર્ણનું મિશન હવે રાષ્ટ્રીય સ્તરે ગુંજશે

# અમરેલીનાં યુવાનની વિરાટ છલાંગ : શાર્ક ટેન્ક ઈન્ડિયાના મંચ પર ચમકશે પૂજન કાછડીયા

### ગીતાના વિચારો અને સ્વાધ્યાય પરિવારના સંસ્કારોએ અપાવી સફળતા




અમરેલી, તા. ૧૨

અમરેલી (પાઈપ) પ્રતિનિધિ કહેવાય છે કે જો મનમાં દ્રઢ સંકલ્પ અને પામવાની તમન્ના હોય, તો અંતરિયાળ વિસ્તારમાં બેસીને પણ વિશ્વ જીતી શકાય છે. આ વાતને સાર્થક કરી બતાવી છે. અમરેલીના વતની (મૂળ રામપુર-તોરી) પૂજન જયંતીભાઈ (બાવભાઈ) કાછડીયાએ. આગામી સપ્તાહે પૂજન કાછડીયા ભારતના સૌથી મોટા બિઝનેસ રિયાલિટી શો 'શાર્ક ટેન્ક ઈન્ડિયા' માં પોતાની પ્રતિભા અને બિઝનેસ આઈડિયા સાથે જોવા મળશે.

પૂજન કાછડીયાનું મિશન માત્ર બિઝનેસ વધારવાનું જ નથી, પરંતુ 'નવા અમરેલી'નું નિર્માણ કરવાનું છે. જયારે આજના સમયમાં યુવાનો સારી તકની શોધમાં અમરેલી છોડીને અમદાવાદ કે સુરત જેવા મહાનગરો તરફ દોટ મૂકે છે, ત્યારે પૂજનભાઈએ અમરેલીમાં જ રહીને કંઈક એવું કરવાની ચેલેન્જ ઉપાડી જે આજે વિશ્વસ્તરીય નવીનતા (Innovation) તરીકે ઉભરી આવી છે.

જયારે તેમને પૂછવામાં આવ્યું કે આટલા નાના શહેરમાં રહીને આટલી મોટી સિધ્ધિ મેળવવાની પ્રેરણા કયાંથી મળી? ત્યારે તેમણે ખૂબ જ વિનમ્રતાથી જણાવ્યું કેઃ મને આ કાર્ય કરવાની પ્રેરણા સ્વાધ્યાય પરિવારના યુવા કેન્દ્ર અને મુંબઈ સ્થિત શ્રીમદ ભગવદ ગીતા પાઠશાળા માંથી મળી છે. પરમ પૂજનીય દાદાજીએ આપેલા ગીતાના વિચારોએ મારા જીવનમાં નવો પ્રકાશ ફેલાવ્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે ગીતાના શ્લોક સર્વત્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો(હું સૌના હૃદયમાં બિરાજમાન છું) ના ભાવ સાથે તેમને સતત એવો વિશ્વાસ રહ્યો કે ભગવાન તેમની સાથે છે. આ જ શ્રધ્ધા અને આત્મવિશ્વાસના જોરે તેમણે અમરેલીમાં રહીને વિશ્વ મંચ સુધી પહોંચવાનું સપનું સાકાર કર્યું છે.

યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત પૂજન કાછડીયાની આ સિધ્ધિ અમરેલીના અને સૌરાષ્ટ્રના તમામ યુવાનો માટે એક ઉદાહરણ પૂરૂં પાડે છે કે ઈનોવેશન માટે કોઈ મોટા શહેરની જરૂર નથી, માત્ર સ્પષ્ટ વિઝન, ગીતા વિચાર અને સંસ્કારોની પૂંજી હોવી જરૂરી છે. આગામી તારીખઃ ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ, Sony Liv (એપ): રાત્રે ૮:૦૦ વાગ્યે અને Sony Tv: રાત્રે ૧૦:૦૦ વાગ્યે તેઓ ટીવી સ્ક્રીન પર દેખાશે, ત્યારે સમગ્ર અમરેલી જિલ્લામાં ગૌરવ અને ઉત્સાહનો માહોલ જોવા મળશે.

## કોર્ટમાં અરજી દાખલ કરી ASI સર્વેની માંગ

# અજમેર દરગાહ મૂળ શિવ મંદિર હોવાનો દાવો કરાયો

### મહારાણા પ્રતાપ સેનાના પ્રમુખ રાજવર્ધન સિંહ પરમારે જિલ્લા કોર્ટમાં અરજી દાખલ કરી સર્વેની માંગ કરી હતી

અજમેર, તા.૧૨

અજમેરની જિલ્લા કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે અજમેર દરગાહ મૂળ શિવ મંદિર હતું અને સર્વેની માંગ કરવામાં આવી છે. આ અરજી મહારાણા પ્રતાપ સેનાના રાષ્ટ્રીય પ્રમુખ રાજવર્ધન સિંહ પરમારે દાખલ કરી હતી.

રાજવર્ધન સિંહ પરમારે કહ્યું કે, અજમેર દરગાહ મૂળ શિવ મંદિર હતું અને બાદમાં તેને દરગાહમાં રૂપાંતરિત કરવામાં આવ્યું હતું. હું લાંબા સમયથી આ મુદ્દા સામે લડી રહ્યો છું. અગાઉ રાષ્ટ્રપતિને એક અરજી સુપરત કરવામાં આવી હતી, જે પછી રાજસ્થાનના મુખ્ય સચિવને મોકલવામાં આવી હતી. તેમણે ASI દ્વારા સર્વેની પણ માંગ કરી છે.

વરિષ્ઠ વકીલ એ.પી. સિંહે જણાવ્યું હતું કે આજે અજમેરના જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. તેમણે દાવો કર્યો હતો કે પ્રાચીન સમયમાં આ સ્થળ ભગવાન શિવને સમર્પિત મંદિર હતું.

૨૦૨૪માં, હિન્દુ સેનાના પ્રમુખ વિષ્ણુ ગુપ્તાએ સમાન અરજી દાખલ કરી હતી, જેમાં માંગ કરવામાં આવી હતી કે આ મંદિરને હિન્દુ મંદિર જાહેર કરવામાં આવે. અજમેર શરીફ દરગાહને ભારતના મુખ્ય મુસ્લિમ તીર્થસ્થાનોમાંનું એક માનવામાં આવે છે અને તે અજમેરમાં એક પ્રખ્યાત સીમાચિહ્ન છે. ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી એક પર્શિયન સૂફી સંત હતા, જેમણે ૧૧૯૨થી ૧૨૩૬ એડી સુધી અજમેરમાં નિવાસ કર્યો હતો. મુઘલ સમ્રાટ હુમાયુએ સંતની યાદમાં આ સ્થાન બનાવ્યું હતું, અને તેમની કબર અહીં સ્થિત છે. અકબર અને શાહજહાંના શાસનકાળ દરમિયાન આ મંદિર સંકુલમાં મસ્જિદો બનાવવામાં આવી હતી.

## ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડી

# દિલ્હીથી કાશ્મીર સુધી કોલ્ડવેવને લઈ હવામાન દ્વારા એલર્ટ જારી

### ઉત્તર પ્રદેશમાં સવારના કલાકો દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે

નવી દિલ્હી, તા.૧૨

ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ યથાવત છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં તાપમાન શૂન્યથી નીચે આવી ગયું છે. આ દરમિયાન, દિલ્હીમાં આ વર્ષે પહેલીવાર લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આગામી થોડા દિવસો સુધી તીવ્ર ઠંડી ચાલુ રહેવાની ધારણા છે. ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં પણ તીવ્ર ઠંડીની સ્થિતિ ઉત્પન્ન શકે છે.

હવામાન વિભાગે પૂર્વી અને પશ્ચિમ રાજસ્થાન માટે રેડ એલર્ટ જારી કર્યું છે, જેમાં તીવ્ર ઠંડીની લહેર અને અત્યંત ગાઢ ધુમ્મસની આગાહી કરવામાં આવી છે. વધુમાં, સાત રાજ્યો માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છેઃ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ અને બિહાર, જેમાં ગાઢ ધુમ્મસની અપેક્ષા છે. હવામાન વિભાગની લેટેસ્ટ આગાહીમાં ચેતવણી આપવામાં આવી છે કે આગામી થોડા દિવસો સુધી ગાઢ ધુમ્મસનો ખતરો ચાલુ રહેશે.

હવામાન વિભાગની આગાહી મુજબ, "ઉત્તર પ્રદેશમાં, ૧૩ જાન્યુઆરી સુધી સવારના કલાકો દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે, જ્યારે ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી કેટલાક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની આગાહી છે.

બિહારમાં, ૧૨ જાન્યુઆરી સુધી સવારના કલાકો દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે અને ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી કેટલાક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની આગાહી છે."

અહેવાલમાં જણાવાયું છે કે જમ્મુ વિભાગ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબમાં ૧૬ મી તારીખ સુધી હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં ૧૭ મી તારીખ સુધી, પશ્ચિમ રાજસ્થાનમાં ૧૩ મી તારીખ સુધી, પૂર્વી રાજસ્થાન અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ૧૪મી તારીખ સુધી અને આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૧૪ મી જાન્યુઆરીએ સવારના કલાકો દરમિયાન ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે.

દિલ્હી અને સમગ્ર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCR) માં ઠંડીનો પ્રકોપ યથાવત છે. સોમવારે સવારે પણ તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો હતો, જોકે દિવસે તડકો હતો. શહેરના ઘણા હવામાન મથકો પર લઘુત્તમ તાપમાન લગભગ ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું. જાન્યુઆરી ૨૦૨૩ પછી આ મહિનાનો સૌથી ઠંડો દિવસ હતો. IMD અનુસાર, ૧૬ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ લઘુત્તમ તાપમાન ઘટીને ૧.૪ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું.

## અમદાવાદ એરપોર્ટ પરથી ભાવસભર વિદાય અપાઈ

# PM નરેન્દ્ર મોદીનો ત્રિદિવસીય ગુજરાત પ્રવાસ સંપન્ન થયો

### અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન અને રાજકીય અગ્રણી જગદીશ વિશ્વકર્માએ પણ વડાપ્રધાનનું અભિવાદન કરી તેમને દિલ્હી જવા માટે રવાના કર્યા હતા

અમદાવાદ,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના માતૃભૂમિ ગુજરાતના ત્રણ દિવસના વ્યસ્ત પ્રવાસને પૂર્ણ કરી આજે અમદાવાદ એરપોર્ટ ખાતેથી નવી દિલ્હી જવા રવાના થયા હતા. આ પ્રવાસ દરમિયાન અનેક વિકાસકાર્યો અને કાર્યક્રમોમાં સહભાગી થયા બાદ વડાપ્રધાનને એરપોર્ટ પર રાજ્યના ઉચ્ચ મહાનુભાવો દ્વારા ભાવસભર વિદાય આપવામાં આવી હતી.

અમદાવાદ એરપોર્ટ ખાતે વડાપ્રધાનને વિદાય આપવા માટે રાજ્યનું સમગ્ર વહીવટી અને રાજકીય તંત્ર ઉપસ્થિત રહ્યું હતું. વડાપ્રધાનને વિદાય આપવા પહોંચેલા મુખ્ય મહાનુભાવોમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આ ઉપરાંત, અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન અને રાજકીય અગ્રણી જગદીશ વિશ્વકર્માએ પણ વડાપ્રધાનનું અભિવાદન કરી તેમને દિલ્હી જવા માટે રવાના કર્યા હતા.

વિદાય પ્રસંગે રાજ્યના ઉચ્ચ સનદી અધિકારીઓ અને પોલીસ તંત્રના વડાઓ પણ હાજર રહ્યા હતા. જેમાં મુખ્ય સચિવ એમ.કે. દાસ, અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, રાજ્યના ઈન્ચાર્જ ડીજીપી કે.એલ.એન. રાવ, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક અને જિલ્લા કલેક્ટર સુજીત કુમારે વડાપ્રધાન સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. એરફોર્સના એર માર્શલ તેજેન્દ્ર સિંઘ અને ચીફ પ્રોટોકોલ ઓફિસર જલવંત ત્રિવેદીએ પણ પ્રોટોકોલ મુજબ વિદાય આપી હતી.

પોતાના આ ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન વડાપ્રધાને ગુજરાતમાં અનેક પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. ગુજરાતના જનતા સાથેના સંવાદ અને ભાજપના સંગઠન સાથેની બેઠકો બાદ તેઓ નવી ઉર્જા સાથે પરત ફર્યા છે. એરપોર્ટ પર હાજર તમામ પદાધિકારીઓએ હર્ષ અને ગૌરવ સાથે વડાપ્રધાનને આવજો કહ્યું હતું.

## હવામાન વિભાગની આગાહી

# ઉત્તરાયણ પર્વ પર પતંગબાજો માટે ખુશખબરઃ પવનની ગતિ રહેશે સાનુકૂળ

### ૧૪-૧૫ જાન્યુઆરીના રોજ પવનની ઝડપ ૫ થી ૧૫ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા રહેલી છે

અમદાવાદ, તા.૧૨

ગુજરાતના લોકપ્રિય પર્વ ઉત્તરાયણને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે પતંગ રસિકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ રાજ્યમાં પવનની ગતિ પતંગ ચગાવવા માટે ખૂબ જ સાનુકૂળ રહેશે.

હવામાન વિભાગ મુજબ, ૧૪-૧૫ જાન્યુઆરીના રોજ પવનની ઝડપ ૫ થી ૧૫ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. જેમાં ૧૪મી જાન્યુઆરીએ પવન મુખ્યત્ત્વે ઉત્તર-પશ્ચિમ દિશાનો રહેશે. જ્યારે ૧૫મીએ પણ ઉત્તર-પશ્ચિમ તરફથી પવન ફૂંકાશે. સૌરાષ્ટ્ર ઝોનમાં પવનની દિશા ઉત્તર-પૂર્વની રહેશે, જે પતંગબાજો માટે 'કાઈપો છે' ના નાદ સાથે તહેવાર માણવા માટે ઉત્તમ સાબિત થશે.

વાતાવરણની સ્થિતિ અંગે વાત કરીએ તો, આગામી ૭ દિવસ સુધી રાજ્યમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે. તાપમાનમાં પણ સતત વધ-ઘટ જોવા મળશે. આગામી ૩ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં થોડો વધારો થશે, પરંતુ ત્યારબાદના ૪ દિવસમાં પારો ૨ થી ૩ ડિગ્રી જેટલો ગગડી શકે છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે ઠંડીનું જોર વધવાની શક્યતા છે.

સમગ્ર રાજ્યમાં સરેરાશ લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ રહેવાની ધારણા છે, જેનાથી પતંગબાજોએ ધાબા પર ઠંડીનો સામનો કરવા માટે પણ તૈયાર રહેવું પડશે.

સ્થાનિક તાપમાનના આંકડા જોઈએ તો, કચ્છના નલિયામાં લઘુતમ તાપમાન ૬ ડિગ્રી અને અમરેલીમાં ૯ ડિગ્રી નોંધાયું છે, જે રાજ્યના સૌથી ઠંડા વિસ્તારો રહ્યા છે. અમદાવાદમાં આજે લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું છે. જેમાં આગામી ૨૪ કલાકમાં ૧ ડિગ્રીનો ઘટાડો થઈને પારો ૧૫ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. આમ, ઉત્તરાયણના પર્વ પર આકાશમાં પતંગોની પેચબાજી માટે પવનનો સાથ મળશે, પરંતુ સાથે સાથે કડકડતી ઠંડીનો ચમકારો પણ અકબંધ રહેશે.

## ગુજરાતમાં નવી નોકરીઓ પણ આવશે

# મારુતિ સુઝુકીએ ગુજરાતમાં મોટા રોકાણની જાહેરાત કરી

### મારુતિ સુઝુકી કંપનીના બોર્ડે ગુજરાતમાં નવા ઉત્પાદન માટે જમીન સંપાદનના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે

ગાંધીનગર, તા.૧૨

દેશની સૌથી મોટી કાર કંપની મારુતિ સુઝુકી મોટું રોકાણ લાવી રહી છે. મારુતિ સુઝુકીના ડિરેક્ટર બોર્ડે ગુજરાતમાં રૂ.૪,૯૬૦ કરોડના જમીન સંપાદન પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

હાલ ગુજરાતમાં ચાલી રહેલા વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ચાલી રહી છે, ત્યાં બીજી તરફ, ગુજરાતમાં એક કાર કંપનીએ ગુજરાતમાં મોટું રોકાણની જાહેરાત કરી છે. દેશની ટોચની ઓટોમોબાઈલ ઉત્પાદક મારુતિ સુઝુકી ઈન્ડિયાના ડિરેક્ટર બોર્ડે ગુજરાતમાં જમીન સંપાદન અને તેની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે રૂ.૪,૯૬૦ કરોડના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જે અંતર્ગત ગુજરાતમાં ૧૦ લાખ યુનિટ સુધીની ક્ષમતા વધારવાનો પ્રસ્તાવ મૂકાયો છે.

મારુતિ સુઝુકીની ટીમે ગુજરાતમાં જમીન સંપાદન કરવાની યોજનાને લીલીઝંડી આપી દીધી છે. ભારતમાં કારની સતત વધી રહેલી ડિમાન્ડને પહોંચી વળવા માટે જાપાનની સૌથી મોટી કાર ઉત્પાદક કંપનીનો હેતુ ભારતમાં વાર્ષિક ઉત્પાદન ક્ષમતામાં ૧૦ લાખ યુનિટનો વધારો કરવાનો છે.

આ માટેનો કુલ અંદાજિત ખર્ચ ૪૯૬૦ કરોડ રૂપિયા છે. ગુજરાતના ખોરજ જીઆઈડીસીમાં આ પ્રોજેક્ટ અમલમાં મૂકાશે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ પાસેથી જમીન સંપાદનની મંજૂરી મળી છે તેવી કંપનીના ડિરેક્ટર બોર્ડે સોમવારે યોજાયેલી બેઠકમાં જણાવ્યું.

ગત વર્ષે જાપાનની ઓટોમોબાઈલ કંપની મારુતિ સુઝુકી મોટર કોર્પોરેશને જાહેરાત કરી હતી કે, આગામી ૫ થી ૬ વર્ષમાં ભારતાં ૭૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ ઈન્વેસ્ટમેન્ટનો ઉપયોગ ઉત્પાદન ક્ષમતા, નવા કાર મોડલ લાવવામાં અને ભારતીય બજારમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભારત વિશ્વનું ત્રીજુ સૌથી મોટું ઓટોમોબાઈલ સેક્ટર ધરાવે છે. સુઝુકી મોટર કોર્પોરેશનના ચેરમેન તોશીહિરો સુઝુકીએ ગત વર્ષે આ જાહેરાત ગુજરાતના હાંસલપુર પ્લાન્ટમાં મારુતિની પહેલી ઈલેક્ટ્રીક એસયુવી ઈ વિટારા માર્કેટમાં લોન્ચ કરવાના સમયે કરી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઈલેક્ટ્રીક કારને લીલીઝંડી બતાવી હતી.

ઈ-વિટારાના લોન્ચિંગ પ્રસંગે તોશીહિરોએ કહ્યું હતું કે, ભારતની સતત ગતિશીલતા અને વિકસિત ભારતની દિશામાં કંપની સમગ્ર રીતે પ્રતિબદ્ધ છે. ભારત સુઝુકીનું સૌથી મોટું કાર માર્કેટ છે. મારુતિ સુઝુકી દેશની નંબર ૧ કાર નિર્માતા કંપની છે. અત્યાર સુધી કંપનીએ ભારતમાં ૧ લાખ કરોડ ૨ રૂપિયાથી વધુનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે, અને પોતાની વેલ્યૂ ચેનમાં ૧૧ લાખથી વધુ પ્રત્યક્ષ નોકરીઓ પેદા કરી છે. નવા રોકાણથી ગુજરાતમાં નવી નોકરીઓ પણ આવશે. વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગુજરાતમાં નવી નોકરીઓનું સતત સર્જન થઈ રહ્યુ છે, તેમાં હવે વધુ એક કંપનીના રોકાણની જાહેરાતથી નોકરીઓ આવશે.

## કનેક્ટિવિટી થશે સુપરફાસ્ટ

# ભારતમાં લોન્ચ પહેલા સ્ટારલિંકને મળી મોટી મંજૂરી

### એલોન મસ્કની કંપની સ્ટારલિંક, ભારતમાં તેની સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા શરૂ કરવાની તૈયારી કરી રહી છે

નવી દિલ્હી, તા.૧૨

અમેરિકન અબજોપતિ એલોન મસ્કની કંપની સ્ટારલિંક, ભારતમાં તેની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની તૈયારી કરી રહી છે. કંપનીને એક મોટી મંજૂરી મળી છે, જેનાથી તે તેના નેટવર્કમાં ઉપગ્રહોની સંખ્યા બમણી કરી શકશે. યુએસ ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન (FCC) એ ૭,૫૦૦ સેકન્ડ જનરેશનના ઉપગ્રહો તૈનાત કરવાની કંપનીની વિનંતીને મંજૂરી આપી છે. આનાથી કંપનીના નેટવર્કમાં ઉપગ્રહોની કુલ સંખ્યા ૧૫,૦૦૦ થશે.

FCC એ કંપનીને ઉપગ્રહોની સંખ્યા વધારવા માટે માત્ર લીલી ઝંડી જ નથી આપી, પરંતુ તે પાંચ ફ્રીક્વન્સીઝ અને તરંગો પર પણ કાર્ય કરી શકશે જે અગાઉ પ્રતિબંધિત હતા. FCC ચીફ બ્રેન્ડન કારે જણાવ્યું હતું કે આ મંજૂરી ન્યૂ જનરેશન સેવાઓ માટે ગેમ-ચેન્જર હશે. નવા ઉપગ્રહો કંપનીને શ્રેષ્ઠ ઉપગ્રહ બ્રોડબેન્ડ ક્ષમતાઓ પ્રદાન કરવામાં સક્ષમ બનાવશે. મસ્કની કંપની કુલ ૩૦,૦૦૦ ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે, જેમાંથી તેને ૧૫,૦૦૦ માટે મંજૂરી મળી ગઈ છે. હ્ઝઝ ની જરૂરિયાતો અનુસાર, કંપની પાસે ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં તેના સેકન્ડ જનરેશન ઉપગ્રહોમાંથી અડધા કાર્યરત હોવા જોઈએ, અને બાકીના ઉપગ્રહોને તૈનાત કરવા માટે ડિસેમ્બર ૨૦૩૧ સુધીનો સમય હોવો જોઈએ.

સ્ટારલિંકને ભારતમાં તેની સેવા શરૂ કરવા માટે કામચલાઉ લાઈસન્સ મળ્યું છે, અને ટ્રાયલ ચાલી રહી છે. હવે, કંપનીને નવા ઉપગ્રહો લોન્ચ કરવાની મંજૂરી મળી ગઈ છે જે કનેક્ટિવિટીને મોટો વેગ આપશે અને ભારત સહિત વિશ્વભરના તમામ દેશોને લાભ આપશે જયાં સ્ટારલિંક સેવાઓ ઉપલબ્ધ છે. સ્ટારલિંકની વરિષ્ઠ ટીમ ભારત સરકાર સાથે ચર્ચા કરી રહી છે અને એવી અપેક્ષા છે કે આગામી થોડા મહિનામાં સ્ટારલિંકની ઉપગ્રહ સેવા ભારતમાં શરૂ થશે.

સ્ટારલિંકના શું ફાયદા થશે ?

ગ્રામીણ, પહાડી અને સરહદી વિસ્તારોમાં પણ ઝડપી ઈન્ટરનેટ ઉપલબ્ધ થશે.

જિયો કે એરટેલ નેટવર્ક ન હોય તો પણ કનેક્ટિવિટી શક્ય છે.

વિદ્યાર્થીઓ ઓનલાઈન વર્ગોમાં હાજરી આપી શકશે.

ટેલિમેડિસિન દ્વારા દૂરથી ડૉક્ટરની સલાહ ઉપલબ્ધ થશે.


ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન મળશે - પંચાયત, શાળા, સ્થાનિક વ્યવસાયો જોડાયેલા રહેશે.

આપત્તિઓ (પૂર, ભૂકંપ) દરમિયાન પણ ઈન્ટરનેટ ઉપલબ્ધ રહેશે.

સ્ટારલિંક એક ઉપગ્રહ-આધારિત ઈન્ટરનેટ સેવા છે જે પૃથ્વીના નીચલા ભ્રમણકક્ષા (ન્ઈ) માં પરિભ્રમણ કરતા હજારો નાના ઉપગ્રહો દ્વારા ઈન્ટરનેટ સેવા પૂરી પાડે છે. તેનો હેતુ એવા સ્થળોએ ઈન્ટરનેટ પ્રદાન કરવાનો છે જ્યાં પરંપરાગત નેટવર્ક નિષ્ફળ ગયા છે.

# રાજુલા : શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સૌપ્રથમવાર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો









રાજુલા શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કાલેજ તથા ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરનાં સંયુકત ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરેલ. રાજુલા ખાતે સૌપ્રથમ વાર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. આ પરિસંવાદમાં અપ્રયક્ષ સ્થાને ગવર્મેન્ટ કાલેજ જાફરાબાદનાં પ્રિન્સિપાલ ડો. વિરલ કુમાર શીલુ તથા અમારી સંસ્થાનાં ટ્રસ્ટી અને ભાવનગરથી શ્રીમતી એસ.એન.ડી.ટી. મહિલા કાલેજનાં નિવૃત આચાર્ય ડી.જે. ધંધુકિયા તથા સંસ્થાનાં સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી અને કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તેમજ કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા અને કારોબારી સભ્ય બીપીનભાઈ લહેરી તેમજ સેરભ સંસ્થાનાં ડી.કે. વાજા, ઉકાભાઈ ડાંગર અને પત્રકાર યોગેશભાઈ કાનાબાર પત્રકાર ઈરફાનભાઈ ગોરી અને ઉના કાલેજનાં નિવૃત્ત ગુજરાતી પ્રોફેસર ભરતભાઈ કાછડિયા તથા ડી.કે. વાજા અને ડાંગર સાહેબ તથા રાજુલા પી.એસ.આઈ. પ્રકાશભાઈ કટાઈ અને ચેમ્બર ઓફ કામર્સ અને બજરંગ દળનાં અધ્યક્ષ ગૌરાંગભાઈ મહેતા અને વિ હિન્દુ પરિષદનાં પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ, નિમેશભાઈ ઠાકર અને દુર્ગા શકિતનાં મહિલા પ્રમુખ વિભાબેન મહેતા, ઉપપ્રમુખ હેતલબેન મેખિયા બગસરા ધાણજ કાલેજનાં હિન્દી વિભાગ અધ્યક્ષ ડો. કપિલભાઈ ત્રિવેદી અને વાય જે.જે. દોશી કોલેજનાં સંસ્કૃત વિભાગ અધ્યક્ષ શ્રીમતી અલ્કાબેન ત્રિવેદી અને ગવર્મેન્ટ કોલેજ જાફરાબાદનાં ગુજરાતી વિભાગના પ્રોફેસર ડો. જીગ્નેશભાઈ રાદડિયા ગોંડલ સ્થિત મ્યુનિસિપલ કાલેજનાં હિન્દી વિભાગના હેડ પ્રો. ડો.ગોવિંદભાઈ વેકરિયા અને અંગ્રેજી વિભાગના પ્રો.વિજયસિંહ સરવૈયા વગેરે વિદ્વાન અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે વિવિધ કાલેજોમાંથી પ્રોફેસરો, આચાર્ય અને સંશોધન કરતાંઓ વિદ્યાર્થીઓની બહોળી હાજરી વચ્ચે આ સેમિનાર યોજાયો. સંસ્થાનાં સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદીએ સંસ્થાનો ટૂંકો પરિચય આપેલ. ટ્રસ્ટી ડી.જે. ધંધુકિયા દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ. આ પરિસંવાદની શરૂઆત અધ્યક્ષ અને મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. કાલેજની વિદ્યાર્થીની કાતરીયા શ્રધ્ધાબેનની પ્રાર્થનાથી વાતાવરણ પ્રસન્ન બની ગયું હતું. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળ દ્વારા મહેમાનોનું સ્વાગત અભિવાદન અને રાષ્ટ્રીય પરિસંવાદનો હેતુ જણાવવામાં આવેલ. કાલેજ માતૃ વર્ચસ્વ સ્થાપિત સંસ્થા છે, કાલેજનું નામ હીરાલક્ષ્મીબેન ભાઈ દાસ સંઘવી મહિલા આર્ટસ એન્ડ કામર્સ કાલેજ, જેમાં બહેનોને શિક્ષણ અને સ્વાવલંબનના હેતુને સાર્થક કરતી સંસ્થા છે. આ સંસ્થામાં બહેનોને તમામ પ્રકારનાં કૌશલ્ય વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. આ સાથે અમારી કાલેજની નારી ગૌરવની ગાથાને ઐતિહાસતાને કંડારી રહ્યું છે. કોલેજ સતત બે વર્ષથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરીક્ષામાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જેમને રાજયપાલનાં વરદ હસ્તે ગોલ્ડ મેડલ મળી ચૂક્યા છે. ઉપરાંત તાજેતરમાં ગોંડલ ખાતે આપદકાલીન તાલીમમાં અમારા કાલેજનાં જી.એસ. લાડૂમોર તેજલબેન એસ. પ્રથમ નંબર પ્રાપ્ત કરી યુનિવર્સિટીમાં પ્રતિનિધિત્વ કરેલ. કાલેજનાં રાષ્ટ્રીય પરિસંવાદનું હાર્દ ભારતીય ભાષા સાહિત્ય અને અન્ય વિદ્યા શાખામાં નારી ઉત્કર્ષનું રહેલ. ગોંડલ, ભાવનગર, રાજુલા, ઉના, જાફરાબાદ, નડિયાદ, જૂનાગઢ, વેરાવળ તથા રાજકોટ વગેરે સ્થળોથી પ્રોફેસરો, સંશોધન કર્તા પી.એચ.ડી સ્કોલરો પહોળી સંખ્યામાં હાજર રહેલ. તમામે તેમનાં સંશોધનો ઉપરોક વિષય 'નારી ઉત્કર્ષ' આધારિત ભાષા સાહિત્ય અને વર્તમાન સમયની ભિન્ન નારી પાત્રોનાં ઉદાહરણ આપેલ. બંગાળી, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત ભાષાનાં મહાકાવ્યો, નાટકો, નવલકથાઓ અને ભિન્ન સર્જકોની કથામાં નારી પાત્રોની વિશેષ છણાવટ અત્રે તમામ વિદ્વાનો દ્વારા કરવામાં આવેલ. ભિન્ન ભાષા સાહિત્ય અને વિવિધ ક્ષેત્રોમાં નારી ઉત્કર્ષ અંતર્ગત પ્રોફેસર સંશોધકો અને વકતાઓએ ચર્ચા–વિમર્શ રજૂ કરેલ. આ સાથે શાસ્ત્રી ધર્મપ્રસાદજી કોલેજ, ઊનાના નિયામક મહેન્દ્રભાઈ ગોસ્વામીના પુસ્તકોની ભેટ ડી.કે. વાજાના વરદ હસ્તે કોલેજને અર્પણ કરવામાં આવી આવેલ. તમામ સરસ્વતી ઉપાસકોને કોલેજ તરફથી પ્રમાણપત્ર અને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગનાં પ્રો. ડો. મિત્તલબેન કનુભાઈ નાયીએ કરેલ. આભાર દર્શન પ્રો. ભગવતીબેન ભરતભાઈ વડીયાએ કરેલ. સમગ્ર સ્ટાફ પરિવાર તથા પ્રોગ્રામ ઓફિસર પ્રા. જાગૃતિબેન તેરૈયાની એન.એસ.એસ. ટીમ દ્વારા સંપૂર્ણ જહેમત ઉઠાવવામાં આવેલ. આ રાષ્ટ્રીય પરિસંવાદનાં સારરૂપ ત્રિદિવસીય આગામી સમયમાં યોજવા અંગે ખૂબ પ્રતિભાવ મળેલ. સાર્વત્રિક આવકાર મળેલ. રાજુલાની શિક્ષણ અને સંશોધન પ્રવૃતિને આગામી સમયમાં વધુ વેગ મળે તેવી ધારણાઓ અત્રેથી રજૂ કરવામાં આવી. સંસ્થાને મળેલ સાર્વત્રિક આવકારથી ધન્યતાનો અનુભવ કરે છે.

## પાના ૮ ઉપરનું ચાલું કેનાલમાં ર બાળ સિંહ ફસાઈ ગયા

કોઈ કારણોસર બે સિંહ બાળ ફસાય જતાં સ્થાનિક ખેડૂતોએ આ બનાવ અંગે વન વિભાગના અધિકારીને જાણ કરતા વન વિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને સિંહબાળને બચાવવા જીવ સટોસટની બાજી ખેલી રેસ્કયું ઓપરેશન હાથ ધરી અને બંને સિંહબાળને બચાવી લઈ અને આ બંને સિંહબાળને તેણી માતા સિંહણ સાથે સુખદ મિલન કરાવતા સિંહ પ્રેમીઓએ વનવિભાગની કામગીરીની ભારે પ્રસંશા કરી હતી.

આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામે ગઈકાલે પાણીની ખાલી કેનાલમાં કોઈ કારણોસર બે સિંહ બાળ ફસાય જતાં સ્થાનિક ખેડૂતોએ આ બનાવ અંગે વન વિભાગના અધિકારીને જાણ કરતા વન વિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને અને સિંહબાળને બચાવવા જીવ સટોસટની બાજી ખેલી જયાં સિંહ બાળ ફસાયા હતાં તે ઊંડી પાણીની ખાલી કેનાલમાં ઉતરી અનેબેટરીના અજવાળે રેસ્કયું ઓપરેશન હાથ ધર્યું હતું.

આ બંને સિંહબાળને બચાવી લઈ અને આ બંને સિંહ બાળને તેમની માતા સિંહણ સાથે સુખદ મિલન કરાવતા સિંહ પ્રેમીઓએ વનવિભાગની કામગીરીની ભારે પ્રસંશા કરી હતી.

સંકુલ KG થી PG
ઓછી ફી
સારૂ શિક્ષણ
ઉચ્ચ પરિણામ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી ગુજરાત -Ad 172

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં લાઠી માર્ગ ઉપર

લાઠી તરફથી ફોર વ્હીલ નં. જી.જે.–૩ પી.એ.–૭૮૮ર ના ચાલકે પોતાની હવાલાવાળી ફોરવ્હીલ પુર ઝડપે બેફિકરાઈ રીતે ચલાવી કનુભાઈના મોટર સાયકલ સાથે અથડાવી દઈ શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી દીધાની ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ ઝાપડીયાએ લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું બળાત્કારનો ખોટો કેસ કરવાની

બનાવમાં ચાર આરોપીઓ સામે યુવકને મરી જવા માટે મજબુર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાના રાભડા ગામે રહેતા શામજીભાઈ નાનજીભાઈ પરમારના પુત્ર અજયભાઈ પરમારને તેના ઘરની બાજુમાં રહેતા જેસીંગભાઈ પરમારની દિકરી સાથે પ્રેમ સબંધ હોય. આ અંગે યુવતીનાં પરિવારના જેસીંગભાઈ ડાયાભાઈ પરમાર, કેશુભાઈ ચકુરભાઈ પરમાર, મહેશભાઈ લખમણભાઈ પરમાર અને ડાયાભાઈ ચકુરભાઈ પરમારને થઈ જતાં તેમણે યુવકને મારી નાખવાની અને બળાત્કારની ફરિયાદમાં ખોટી રીતે જેલમાં પુરી દેવાની ધમકી આપતા યુવક ડરી જતા યુવકે ગત તા. ૮ના રોજ ૪ વાગ્યે ઉંદર મારવાની ઝેરી દવા પી જતા યુવકને ગંભીર હાલતમાં સારવારમાં માટે પ્રથમ મહુવા તેમજ વધુ સારવાર માટે ભાવનગર ખાતે લઈ જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજતાં આ બનાવમાં ચારેય આરોપીઓ સામે યુવકને મરી જવા માટે મજબુર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## સાવરકુંડલા શહેરમાં બરાબરનો શિયાળો જામ્યો




સાવરકુંડલા, તા. ૧ર

સાવરકુંડલા શહેરમાં બરોબર શિયાળો જામ્યો. આ શિયાળાની કડકડતી ઠંડીમાં શરીરને સ્વસ્થ રાખવા માટે ઘણા લોકો શહેરમાં ગરમાગરમ કાવો અને ગરમ કઢિયેલ ખજૂર દૂધનું સેવન કરતાં જોવા મળે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં ચિતલ રોડ બાદ

નવિનીકરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં સુરક્ષા અને રોડની ગુણવત્તાનાં નિયમોનો ઉલાળીયો શરૂઆતથી થઈ રહ્યો છે.

બંને માર્ગનું ઘણુ કામ પૂર્ણ તો થયું પરંતુ, રોડની સાઈડમાં બનાવાયેલ ગટરનાં ઢાંકણા હજુ સુધી ઢાંકવામાં આવતા ન હોય રોડ પરથી પસાર થતાં વાહનચાલકો રામભરોસે અવરજવર કરી રહ્યા છે. જો કે માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ સત્તાના અને કમિશનબાજીમાં મદ હોવાથી તેઓને જનતાની કોઈ ચિંતા નથી તે હકીકત છે.

## પાના ૮ ઉપરનું ચાલું દીકરાનું માર્ગ અકસ્માતમાં મોત

પોતાના વાડી ખેતરે આંટો મારવા જતા હતા ત્યારે મોટા ગોખરવાળા ગામથી સોનારીયા જતા રોડ ઉપર આવેલ કોજવે પાસે પહોંચાતા સામેથી આવતા બોલેરો પીકપ રજી. નં. જી.જે.–૦૩ એકે–૪૪૦૮ નાએ પુરઝડપે અને બેફીકરાઈથી તે રીતે ચલાવી શૈલેષભાઈના મોટર સાઈકલ સાથે ભટકાવી વાહન અકસ્માત કરી શૈલેષભાઈને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા પહોંચાડી સારવાર દરમ્યાન ખેડૂતનાં એકનાં એક દીકરાનું મોત નિપજાવી આરોપી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

**શ્રી તાલાળી ગ્રામ પંચાયત**
**તા. કુંકાવાવ–વડીયા, જી. અમરેલી**

**:: ટુંકી મુદ્દતની જાહેર હરરાજી ::**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ વડિયા તાલુકાના તાલાળી ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ ગ્રામ પંચાયત હસ્તકની જર્જરીત નળીયાવાળી ''જુની ગ્રામ પંચાયત ભવન'' જેની અપસેટ વેલ્યુ રૂા. ૫૬૧૬/– છે તથા પ્રાથમિક શાળા પાસે આવેલ બીજી હાલની ''નવી ગ્રામ પંચાયત ભવન'' જેની અપસેટ વેલ્યુ રૂા. ૭૬૧૮/– તે બન્ને ઈમારત તોડીપાડી, ઈમલો ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાના કામની જાહેર હરરાજી તા.૨૦/૦૧/૨૦૨૬ને મંગળવારના રોજ સમય બપોરે ૦૧ : ૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી તાલાળી સ્થળે રાખેલી હોય તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

સરપંચશ્રી
તાલાળી ગ્રામ પંચાયત
મો. ૯૮૭૯૧ ૯૯૩૫૦

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૦૨/૨૦૨૬

**અરજદાર :** શ્રી અશોકભાઈ પરશોત્તમભાઈ મોદી
સરનામું : રહે. મોદી શહેરી, વેરાઈપા નંદનવન, અમરેલી તા/જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **અશોકભાઈ પરશોત્તમભાઈ મોદી** તેમના મોટાભાઈ **શ્રી અનંદરાય પરશોત્તમભાઈ મોદીની મરણ (તા.૧૯/૦૩/૨૦૨૨)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૯–૦૧–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

(હરેશ તલાટી)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૬૧૦ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૩૪૬ |
| ૩ | જુવાર સફેદ | ૭૯૯ | ૭૯૯ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૫ | તલ કાળા | ૪૦૫૧ | ૪૦૫૧ |
| ૬ | સોયાબીન | ૯૧૧ | ૯૮૦ |
| ૭ | મકાઈ | ૪૩૦ | ૫૦૦ |
| ૮ | બાજરો | ૩૫૧ | ૫૬૧ |
| ૯ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | ઘઉં | ૫૮૨ | ૫૮૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૪૧૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ૩ | શિંગ મોટી | ૯૦૦ | ૧૪૩૫ |
| ૪ | શિંગદાણા | ૧૧૪૦ | ૧૬૦૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૪૯૦ | ૧૫૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૧૮૦ | ૨૨૯૫ |
| ૭ | તલ કાળા | ૧૭૯૦ | ૪૭૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૯૦૦ | ૨૨૪૫ |
| ૯ | જુવાર | ૪૪૫ | ૯૦૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૫ | ૫૭૦ |
| ૧૨ | મગ | ૧૦૧૫ | ૧૭૦૦ |
| ૧૩ | અડદ | ૭૫૦ | ૧૪૫૫ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૧૧૦ |
| ૧૫ | સફેદ ચણા | ૯૮૦ | ૧૧૨૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૭૮૦ | ૧૭૮૦ |
| ૧૭ | તુવેર | ૧૦૬૫ | ૧૪૬૫ |
| ૧૮ | કપાસ | ૯૭૫ | ૧૬૬૦ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| ૨૦ | જીરૂ | ૧૯૦૫ | ૪૨૬૦ |
| ૨૧ | રાય | ૧૭૭૦ | ૧૮૬૦ |
| ૨૨ | ધાણા | ૧૪૫૫ | ૧૮૬૦ |
| ૨૩ | અજમા | ૧૮૨૦ | ૧૮૨૦ |
| ૨૪ | મેથી | ૯૪૫ | ૧૦૧૦ |
| ૨૫ | સોયાબીન | ૮૫૦ | ૯૭૫ |
| ૨૬ | મરચા લાંબા | ૧૦૧૦ | ૪૭૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૫૭૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૮૦ | ૯૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૬૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ૩ | મગફળી | ૧૧૧૫ | ૧૩૬૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૨૦ | ૧૯૭૦ |
| ૫ | જીરૂ | ૩૨૨૫ | ૪૧૮૫ |
| ૬ | ઘઉં | ૪૫૫ | ૫૩૫ |
| ૭ | ચણા | ૮૮૮ | ૧૦૯૨ |
| ૮ | અડદ | ૮૪૦ | ૧૨૩૦ |
| ૯ | તુવેર | ૯૧૫ | ૧૩૭૫ |
| ૧૦ | સોયાબીન | ૭૩૫ | ૯૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૧ |
| ૩ | તલ સફેદ | ૧૬૭૬ | ૨૧૦૩ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૪૬૬૬ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૧૦૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૬૫૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૬૦ |
| ૯ | બાજરો | ૩૩૦ | ૬૭૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૯૫૦ |
| ૧૧ | મકાઈ | ૩૩૦ | ૫૨૧ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ૧૩ | અડદ | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૪ | ચણા | ૮૭૦ | ૧૦૧૦ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૧૬ | એરંડી | ૧૧૫૦ | ૧૨૮૧ |
| ૧૭ | ધાણા | ૧૨૫૦ | ૧૭૦૧ |
| ૧૮ | સોયાબીન | ૮૫૦ | ૯૫૨ |
| ૧૯ | અજમા | ૧૪૦૦ | ૨૦૦૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૦૧૦ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૯૯૧ | ૧૩૨૧ |
| ૩ | ઘઉં | ૪૮૬ | ૫૦૯ |
| ૪ | ચણા | ૯૮૬ | ૯૮૬ |
| ૫ | છોલે ચણા | ૧૭૧૧ | ૧૭૧૧ |
| ૬ | તુવેર | ૧૧૧૧ | ૧૨૪૬ |
| ૭ | અડદ | ૯૦૦ | ૯૦૦ |
| ૮ | એરંડા | ૧૦૮૦ | ૧૨૩૧ |
| ૯ | શીંગદાણા | ૧૪૫૬ | ૧૪૨૫ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૪૪૬ | ૧૪૪૬ |
| ૧૧ | બાજરો | ૪૧૧ | ૪૧૧ |
| ૧૨ | સોયાબીન | ૬૦૧ | ૯૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૪ | ૫૩૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૭ | ૫૨૦ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૨૫ |
| ૫ | ધાણા | ૧૭૦૦ | ૧૭૬૫ |
| ૬ | અડદ | ૭૦૦ | ૧૩૬૦ |
| ૭ | સોયાબીન | ૮૧૦ | ૯૮૦ |
| ૮ | મગફળી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૯ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૬૦ | ૧૩૮૦ |
| ૧૧ | લસણ | ૭૦૫ | ૧૦૫૦ |
| ૧૨ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા સફેદ | ૯૬૦ | ૧૦૦૭ |
| ૧૪ | તલ સફેદ | ૧૪૩૦ | ૧૮૫૫ |
| ૧૫ | જીરૂ | ૩૮૪૦ | ૩૮૪૦ |
| ૧૬ | જુવાર | ૨૮૦ | ૪૨૫ |
| ૧૭ | એરંડી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૧૮ | તલ કાળા | ૨૦૩૦ | ૨૦૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૨૭૧ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૮૦ |
| ૩ | તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૬૦૧ |
| ૫ | બાજરો | ૨૮૦ | ૩૮૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૨ |
| ૭ | જુવાર | ૭૦૧ | ૯૫૧ |
| ૮ | મગ | ૯૪૦ | ૨૭૨૫ |
| ૯ | મઠ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ૧૦ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | તુવેર | ૧૧૦૦ | ૧૪૭૧ |
| ૧૨ | ચણા | ૫૦૦ | ૧૨૭૬ |
| ૧૩ | સોયાબીન | ૭૭૬ | ૯૧૧ |

# સાવરકુંડલા : લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા આયોજિત પર્વ પૂર્ણિમાં પુ. મોરારિબાપુની પાવન નિશ્રામાં સંપન્ન






શિક્ષણનું સત્ય, સાહિત્યનો પ્રેમ અને સેવાની કરૂણા એમ શિક્ષણ, સાહિત્ય અને સંગીતનું સાયુજય સાધીને વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા ધ્વારા છેલ્લા પંદર વર્ષથી પ્રતિ વર્ષ સાહિત્ય – શિક્ષણ અને સંગીત સન્માન પર્વ ઉજવવામાં આવે છે. આ વર્ષે પર્વ પૂર્ણિમા પર્વની ઉજવણીનો પ. પૂ. મોરારિબાપુના આશીર્વાદ સાથે પ્રારંભ થયો. સૂરોની અમિરી ધરાવતા આમીર ઓસમાણ મીરે દેવી સ્તુતિનું ગાન કરીને કાર્યક્રમનો ઉઘાડ કર્યો. તેમના સ્વરે ઉપસ્થિત તમામ શ્રોતા અને દર્શકોના મન મોહી લીધા. લેખક અને કેળવણીકાર ડો.ભદ્રાયુ વચ્છરાજાની ધ્વારા એવોર્ડ મેળવતા સર્જકો અને મહાનુભાવોનો સુંદર પરિચય આપ્યો. સન્માન પર્વ અંતર્ગત દર્શક એવોર્ડથી સુભાષ ભટ્ટ, શિક્ષણ સન્માન એવોર્ડથી શિશુવિહાર – ભાવનગર, પન્ના નાયક નારીશક્તિ પારિતોષિકથી નેહલ ગઢવી, રાવજી પટેલ એવોર્ડથી શૌનક જોષી (સાહિત્ય) આમિર મીર (સંગીત) અને ઉમાશંકર જોશી વિશ્વગુર્જરી એવોર્ડથી એકત્ર ફાઉન્ડેશનને સન્માનિત કરવામાં આવ્યું. આ પ્રસંગે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના તબીબોની પણ તેના સેવાકીય અભિગમને લક્ષમાં રાખીને ડો. નિકુંજ ગોંડલીયા, ડો. મૃગેશભાઈ પટેલ, ડો.ભુપેન્દ્ર રાજપુરા (અમેરિકા)નું પણ સન્માન કરવામાં આવ્યું. ગોવિંદભાઈ ધોળકિયા સર્જનાત્મક પારિતોષિકથી નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતાએ કરૂણા વિશે વાત કરીને હોસ્પિટલમાં દર્દીઓ માટે દૂધ વિતરણની નિઃશુલ્ક સેવા આપતા સ્થાનિક માલધારી દુધ મંડળીના નાના ટાબરિયા સમેતની ટીમને બિરદાવી તેનું પ. પૂ. મોરારિબાપુના આશીર્વાદ સાથે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પરમ પૂજય મોરારિબાપુએ તેમના આશીર્વચનમાં સંસ્થાની સેવાને આશીર્વાદ આપી સેવામાં સ્પર્ધા નહીં, પરંતુ શ્રધ્ધા જોઈએ તેમ પંચ સૂત્રો સાથે સંસ્થાના કાર્યને બિરદાવ્યું અને આવતા વર્ષે ફરી પર્વની પ્રતીક્ષા કરીશ તેવો ઉમળકો વ્યક્ત કર્યો.સમગ્ર કાર્યક્રમને સફળ સંચાલન પ્રણવ પંડયા ધ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પૂજય ભક્તિરામ બાપુ, ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયા, મનુભાઈ ગાંધી, અજમેરા પરિવાર, કુંડલા ગ્રામ સેવા મંડળના હિંમતભાઈ ગોડા, રાજેન્દ્રભાઈ ખીમાણી, પ્રસિધ્ધ ગાયક ઓસમાણ મીર, છેલભાઈ વ્યાસ, ઘેલાણી પરિવાર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

## ચલાલા ખાતે મુળી મા ની જગ્યાના વ્યવસ્થાપકનાં ૮૮ માં જન્મદિને ફુલહાર અને શાલથી સન્માન




ચલાલા, તા.૧૨

ચલાલાની સુપરસિધ્ધ મુળી મા ની જગ્યા અને જલારામ બાપાના મંદિરના મુખ્ય વ્યવસ્થાપક અને લોહાણા મહાજનના વરિષ્ઠ ઉપપ્રમુખ પ્રેમજીભાઈ ત્રિભોવનદાસ નથવાણી એ પોતાના જીવનના તંદુરસ્તમય ૮૭ વર્ષ પૂર્ણ કરી ૮૮ વર્ષમાં મંગલમય પ્રવેશ કરતા પરિવારજનો દ્વારા મુળીમાની જગ્યા મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ તકે ઉપસ્થિત અગ્રણીઓએ પ્રેમજીભાઈ નથવાણીની મુળીમાં ની જગ્યા જલારામ મંદિર અને લોહાણા મહાજન વાડીની જીવનભરની સેવાને બિરદાવી હતી.અને પ્રેમજીભાઈ નથવાણીનું ઉપસ્થિત લોહાણા મહાજનના આગેવાનો.

શુભેચ્છકો અને શુભચિંતકોએ ફૂલહાર પુષ્પગુચ્છ અને સાલથી અદ્‌કેઢ સન્માન કરી બાકીનું જીવન ખૂબ જ તંદુરસ્ત મય નિવડે અને એની દીર્ઘાયુષ્ય ૧૧૧ વર્ષની તંદુરસ્ત મય બની રહે.તેવી પ્રભુપ્રાર્થૅના કરી અંતરની શુભકામનાઓ પાઠવી હતી.

લોક વાયકા મુજબ અહીં મુળી માં ની જગ્યામાં કોઈપણ વ્યક્તિ પૂજય મુળી મા ના ચરણોમા શીષ નમાવી અને ખરા અંતરથી પ્રાર્થના કરી સોપારીની માનતા કરે તો તેમની તમામ મનોકામના સિદ્ધ થાય છે. અને ગમે તેવી ઉપાધિ પાર પડી જાય છે. એટલેજ દેશના ખુણે ખુણે થી હજારો લોકો શ્રદ્ધાપૂર્વક પૂજય મુળી મા ની જગ્યા મુળીમાના દર્શન કરવા આવે છે. અને હર્ષભેર પોતે માનેલ સોપારી ની માનતા પૂર્ણ કરે છે. પુજય મુળીમા અંશા અવતાર દાનમહારાજના પરમ ભક્ત અને સેવક હતા પૂજય મુળીમા એ દાનબાપુની જગ્યામાં ઘણા વર્ષો સુધી સેવા સાકરી કરી જીવનને ધન્ય બનાવ્યું હતું.

## અમરેલી : શ્રી નારાયણની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લી.ના ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

અમરેલી, તા. ૧૨

નારાયણની ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટી લી. અમરેલીની શાખામાંથી રૂ.૩૦,૦૦૦ની લોન લીધેલ જે લોન પેટે મંડળીની હપ્તા પૈકીની તમામ રકમ રૂ.૨૮,૬૪૫/–નો ચેક અમરેલીના સૈયદ આબિદભાઈ ઉસ્માનભાઈએ તા.૧૯/૧૨/૨૦૨૪ના રોજ બેંક ઓફ બરોડા દામનગર શાખાનો ચેક આપેલ ચેક ફરિયાદી સોસાયટી (મંડળી)એ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના ખાતામાં વટાવવા નાખતા તા.૨૦/૧૨/૨૦૨૪ના રોજ પરત થતા ફરિયાદી સોસાયટી(મંડળી)ના વકીલ મારફત નોટિસ આપવામાં આવેલ હતી તેમ છતાં આરોપીએ સોસાયટી (મંડળી)ની રકમ આપેલ નહીં જેથી સોસાયટી (મંડળી) દ્વારા અમરેલી કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી જે કેસ અમરેલીના જયુડી. મેજી.જજની કોર્ટમાં ચાલી જતા સંસ્થાના એડવોકેટ એચ.એમ. રાઠોડ તથા અશોક બી. વાળાની ધારધાર દલીલોને આધારે આરોપીને એક વર્ષની કેદ. તથા ચેક મુજબની રકમ વળતર પેટે ચૂકવવાનો હુકમ કરવામાં આવેલ. આ ચુકાદાથી સંસ્થામાંથી જે હેતુસર લોન લઈ સમયસર ન ભરનાર બાકીદારોમાં ભય સાથે ફફડાટ વ્યાપી ગયેલ છે.

### સામાજિક સમરસતાનો સંગમ

## બાબરા ખાતે ગુજરાત રાજય વિજ્ઞાન જાથાના ચેરમેન જયંતભાઈ પંડ્યાનું ભવ્ય સન્માન


### દલિત સમાજના અગ્રણી સોમાભાઈ બગડાના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત

બાબરા, તા. ૧૨

બાબરા ખાતે સામાજિક સૌહાર્દ અને સન્માનનો પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાઈ ગયો. ગુજરાત રાજય વિજ્ઞાન જાથાના ચેરમેન અને જાણીતા તર્કશાસ્ત્રી જયંતભાઈ પંડ્યાએ અમરેલી જિલ્લાના દલિત સમાજના અગ્રણી સોમાભાઈ બગડાના નિવાસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે બગડા પરિવાર અને સમાજના આગેવાનો દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા જયંતભાઈ પંડ્યાને સાલ ઓઢાડીને તેમનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય નીતિનભાઈ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બાબરા તાલુકા દલિત સમાજના આગેવાન કિરીટભાઈ બગડા, ભીખુભાઈ બગડા, સંજયભાઈ બગડા, પરેશભાઈ બગડા, મનસુખભાઈ બગડા, ધર્મેન્દ્રભાઈ બગડા, અજયભાઈ બગડા, મહેશભાઈ બગડા તથા નિલેશભાઈ બગડા સહિતના આગેવાનોએ હાજરી આપી હતી.બગડા પરિવારના વડીલ ભાણજીભાઈ બગડાના માર્ગદર્શન હેઠળ પરિવારના યુવાનોએ ઉત્સાહપૂર્વક મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ શુભેચ્છા મુલાકાત દરમિયાન સામાજિક પ્રશ્નો અને જનજાગૃતિ અંગે પણ હકારાત્મક ચર્ચાઓ કરવામાં આવી હતી. અંતમાં બગડા પરિવારે જયંતભાઈ પંડ્યાનો આભાર વ્યકત કર્યો હતો અને જયંતભાઈએ પણ પરિવારની લાગણી તથા આતિથ્ય સત્કારને બિરદાવ્યો હતો.

## ૧૩ અને ૧૪ જાન્યુઆરી, ‘‘લોહડી’’



અમરેલી, તા. ૧૨

લોહડી એ એક પંજાબી તહેવાર છે. આ તહેવાર પંજાબી ખેડૂતો માટે વધારે મહત્વપૂર્ણ હોય છે. આ સમયે ખેતર ઉપજ લહરાવે છે અને મોસમ સુહાવનો થવા લાગે છે. લોહડીની રાત સેથી લાંબી રાત ગણાય છે ત્યારબાદ આવતા દિવસો ધીમે ધીમે મોટા થતા જાય છે. લોહડીનો તહેવાર પોષ મહીનાની અંતિમ રાત્રે અને મકર સંક્રાતિની સવારે સુધી ઉજવાય છે. લોહડી ઉત્તર ભારતનો સૌથી લોકપ્રિય તહેવાર છે. પરંતુ ખાસ કરીને પંજાબમાં આ તહેવાર ખૂબ જ ધૂમધામથી મનાવવામાં આવે છે. વર્તમાન સમયમાં ગુજરાતમાં પણ ભાવનગર જેવા પ્રદેશમાં લોહડીનો તહેવાર ઉજવાય છે. લોહડી શબ્દને લઈને લોકોની અલગ–અલગ માન્યતાઓ છે. કેટલાય લોકો માને છે કે લોહડી શબ્દ ‘લોઈ (સંત કબીરની પત્ની)’થી ઉત્પન્ન થયો હતો, પરંતુ કેટલાય લોકો આ શબ્દ તિલોડીમાંથી બન્યો હોય તેમ માને છે જે બાદમાં લોહરી બની ગયો અને કેટલાક લોકો એમ પણ માને છે કે આ શબ્દ લોહથી ઉત્પન્ન થયો હતો, જે રોટલી બનાવવા માટે ઉપયોગી એક ઉપકરણ છે. આજે વ્યવહારમાં લોહડી શબ્દ પણ પ્રયોજાય છે.

ઘણા લોકો માને છે કે લોહરીના દિવસે અગ્નિ રાજા દક્ષની પુત્રી સતીની યાદમાં પ્રગટાવવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર એકવાર રાજા દક્ષે યજ્ઞ કરાવ્યો અને તેમાં પોતાના જમાઈ શિવ અને પુત્રી સતીને આમંત્રિત કર્યા ન હતા. આ વાતથી નિરાશ થઈને સતી પોતાના પિતા પાસે જવાબ માંગવા પહોંચી કે તેમણે શિવજીને યજ્ઞ માટે આમંત્રણ કેમ મોકલ્યું નથી. આ વાત પર રાજા દક્ષે સતી અને ભગવાન શિવની ખૂબ જ નિંદા કરી. સતી ખૂબ જ રોઈ, તેનાથી તેના પતિનું અપમાન જોઈ શકાતું ન હતું અને તેથી તેમણે આ યજ્ઞમાં પોતાની જાતને ભસ્મ કરી દીધી. સતીના મૃત્યુનાં સમાચાર સાંભળીને ભગવાન શિવે વીરભદ્રને ઉત્પન્ન કરીને તેના દ્વારા યજ્ઞનો નાશ કરી દીધો. ત્યારે કેટલાક લોકોનું માનવું છે કે અહીં આગ છેલ્લી લાંબી રાત અને માઘની પ્રથમ સવારની કડકડતી ઠંડીને ઓછી કરવા માટે પ્રગટાવવામાં આવે છે. લોહડીમાં ચોકમાં લાકડાનો હારમાળા ગોઠવીને ત્યારબાદ તેને પ્રગટાવવામાં આવે છે અને તેની પૂજા, પ્રદક્ષિણા કરવામાં આવે છે. આ તહેવારની ઉજવણીમાં જો લાકડાને બદલે ગાયના છાણનો ઉપયોગ કરવામાં આવે તો સ્વાસ્થ્યની તેમજ પર્યાવરણની દ્રષ્ટીએ પણ આ તહેવાર અતિ મહત્વપૂર્ણ બની જશે તેથી એક સ્વસ્થ ભારતનું નિર્માણ થશે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## કુંકાવાવ મોટી ખાતે સ્વ. ડોલરભઈ દવેની પૂણ્યતિથિએ સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો



કુંકાવાવ, તા.૧૨

સ્વ. ડોલરભાઈ દયાશંકર દવેની બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે આયુર્વેદ સવ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગૌભક્ત ગોબરભાઈ ભગતના આશીર્વાદ વચન તેમજ દીપ પ્રાગટય હસુભાઈ દવે ( ગુરૂજી) તથા ડોકટર બળભદ્ર મહેતા તથા ડો. સોજીત્રા તથા જીતેન્દ્રભાઈ દવે અને યોગેશભાઈ દવે દ્વારા કરવામાં આવેલ.આ કેમ્પમાં બહોળી સંખ્યામાં ૩૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધેલ. અને જનરલ અવરનેશની માહિતી આપવામાં આવેલ. આ કેમ્પમાં ફેજી સરપંચ સંજયભાઈ લાખાણી તેમજ અન્ય ગામના આગેવાનોએ હાજરી આપેલ, સાવરકુંડલા વાળા વૈધ ડો.ભળભદ્ર મહેતાની ટીમે ખુબજ સરસ સેવા આપેલ.

### ઐતિહાસિક ગૌરવની ભેટ સાથે મળી સ્માર્ટ GIDCની ભેટ

## સાવરકુંડલામાં ૪ લાખ ચો.મી. (૧૦૦ એકર)માં સ્માર્ટ GIDC બનવાની મંજૂરી મળતા હરખની હેલી

### સ્માર્ટ GIDC કારણે આધુનિક સુવિધાયુક્ત ઈન્ફાસ્ટ્રકચરનો લાભ મળશે



સાવરકુંડલા, તા. ૧૨

વિશ્વભરમાં કાંટા ક્ષેત્રે સાવરકુંડલાનુંનામમોખરેછેકાંટાથીઆગવી ઓળખઊભીકરનારાસાવરકુંડલાનેવર્ષોથી જી.આઈ.ડી.સી. નું સ્વપ્ન સાકાર થયું છે. રાજકોટ ખાતે યોજાયેલી રિજિયોનલ વાઈબ્રન્ટસમિટમાંપ્રધાનમંત્રીનરેન્દ્રભાઈ મોદીજી ધ્વારા રાજયનાં નવા ૭ જિલ્લાઆ માટેસ્માર્ટGIDCGનીજાહેરાતકરવામાં આવી હતી. આ જાહેરાત અંતર્ગત અમરેલી જિલ્લાનાસાવરકુંડલાનેનવીસ્માર્ટGIDC મળતાસમગ્રવિસ્તારનાવિકાસનેનવીગતિ સાથેસાવરકુંડલાશહેરનેવિકાસનીનવીભેટ મળી હતી. સ્માર્ટ GIDC પ્રોજેકટ સાવરકુંડલાતાલુકાનાબોધરિયાણી (ધજડી) ખાતે ૪૧ હેકટર જમીન પર વિકસાવવામાં આવશે. આપ્રોજેકટથીઔદ્યોગિકરોકાણમાં વધારોથશે,સ્થાનિકયુવાનોનેરોજગારમળશે તેમજ સાવરકુંડલાનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત થશે. તેવું સ્વપ્ન ટુંકા દિવસોમાં સાકારથઈજશેસાથેસાથેસ્માર્ટGIDCના બનવાથી સ્થાનિક યુવાનોને રોજગારી માટે બહાર નહીં જવું પડે અને રોજગારીની તકો મળશેઅનેઔદ્યોગિકરોકાણમાંવધારોથશે, વેપાર અને વ્યવસાયને નવી ગતિ મળશે. ટ્રાન્સપોર્ટ,હોટલ,લોજિંગ,સર્વિસસેકટરનો વિકાસથશે. તો સાવરકુંડલાઔદ્યોગિકનગર તરીકે આગામીદિવસોમાંનવીઓળખસાથે સ્થાપિક થશે. આ પ્રોજેકટથી ગ્રામ્ય અને શહેરી વિકાસ વચ્ચેનું અંતર ઘટશે અને વિસ્તારનો સર્વાંગી વિકાસ થશે. સાવરકુંડલાને સ્માર્ટ GIDC મળતા ઉદ્યોગક્ષેત્રેએકનવીકાંતિઆવશેઅનેસમગ્ર અમરેલી જિલ્લાનું ઔદ્યોગિક નકશો બદલાશે. તેવા વિચારો સાથે જ ચુંટણીમાં આપેલ વચનો પાળી બતાવવામાં પાવરધા ધારાસભ્યમહેશકસવાલાએસરકારસમક્ષ કરેલીરજુઆતનોનાફળસ્વરૂપેપ્રધાનમંત્રી નરેન્દ્રભાઈમોદીનાવરદહસ્તેસાવરકુંડલાને જી.આઈ.ડી.સી. નું ફળ મળ્યું હતું. ઔદ્યોગિકનગરબનાવવાનાસંકલ્પનીસાથે કામ કરતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રીહર્ષભાઈસંઘવીનેઆભારવ્યકત કર્યોહતોઅનેપ્રજાનાંચુંટાયેલાજનપ્રતિનિધિ તરીકેની આગવી ઓળખ સાવરકુંડલા– લીલીયા વિધાનસભા માટે અલગ જ ઊભી કરીને નામના નહિ પણ કામના કસવાલા કહેવાયાહોવાનુંવેપારીઓહર્ષભેરકહીરહ્યા છે.

## અમરેલી શહેર ખાતે બે તબક્કામાં સર્વજ્ઞાતિ સમૂહલગ્ન નું આયોજન



મા–બાપ વગરના સંતાનો તેમજ લાંબી સજા (જેલવાસ)ભોગવતા મા–બાપના સંતાનોને અગ્રતા આપવામા આવશે.

અમરેલી, તા. ૧૨

અમરેલી શહેર ખાતે આગામી તારીખ ૨૨/૨/૨૦૨૬ તથા ૭/૩/૨૦૨૬ના રોજ જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ – અમરેલી આયોજિત બે તબકકામાં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન રાખેલ હોય અને તેમા મર્યાદિત સંખ્યામા સમૂહલગ્ન યોજવાના હોય તેમજ સમૂહલગ્ન સમિતિ દ્વારા નવદંપતિઓ તથા ઘર પરીવાર માટે કુલ ૧૨૫ વસ્તુ મધ્યમ કક્ષાની દાન–ભેટ દાતાઓ તથા સમિતિ તરફથી આપવામા આવનાર હોય તેમજ આ સમૂહલગ્નમાં વિકલાંગ

### ખેલ મહાકુંભમાં જિલ્લાકક્ષાએ અગ્રેસર રહયા બાદ

## અમરેલી : ગજેરા કેમ્પસ – વિદ્યાસભાનાં ખેલાડીઓ રાજયકક્ષાએ રમત માટે જશે

### સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના



અમરેલી, તા. ૧૨

ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની અંન્ડર–૧૪,૧૭ અને ઓપન એજ ભાઈઓ –બહેનો કુસ્તીગેમ ચેમ્પિયનશીપનું આયોજન લાઠી મુકામે થયું હતું. જયાં અલગ–અલગ તાલુકાના કુસ્તી રમતના ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરેલ. તેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના કુસ્તી ગેમના ખેલાડીઓએ અમરેલી તાલુકા તરફથી પાર્ટીશીપેશન કરેલ. જેમાં બહોળી સંખ્યામાં અલગ– અલગ તાલુકાના ખેલાડીઓએ પાર્ટીસિપેટ કરેલ હતું. ખેલાડીઓ પૈકી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના ખેલાડીઓએ અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવેલ. ૧૪ સુવર્ણ પદક, ૬ રજત પદક અને ૨ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા છે. જે ખરેખર ગુજરાત રાજય અને અમરેલી જિલ્લા માટે ગૌરવની વાત છે આ સિદ્ધિ મેળવનાર ખેલાડીઓમાં (૧) ધાંધલા વિધિ ૪૦ કિલો યુ–૧૭, (૨) પેથાણી કાવ્યા ૩૬ કિલો યુ–૧૪, (૩) ચૌહાણ પૂજા ૪૩ કિલો યુ–૧૭, (૪) ચારણીયા પ્રથા ૪૬ કિલો યુ–૧૭, (૫) પંડયા રૂદ્રિકા ૪૯ કિલો યુ–૧૭, (૬) અજાણી જેની ૫૩ કિલો યુ–૧૭, (૭) ડાભી હિતેશ સુરેશભાઈ –૩૮ કિલો યુ–૧૪, (૮) મજેઠીયા દક્ષ નાનુભાઈ ૩૫ કિલો યુ–૧૪, (૯) ચૌહાણ જયરાજ કિરીટભાઈ–૪૦ કિલો યુ–૧૪, (૧૦) પટણી અરમાન સાજીદભાઈ ૬૦ કિલો યુ–૧૭, (૧૧) નંદવાણા રવિરાજ જગદીશભાઈ ૫૫ કિલો યુ–૧૭, (૧૨) મકવાણા હાર્દિક રમેશભાઈ ૪૫ કિલો યુ–૧૭, (૧૩) મકવાણા આરદીપ અશોકભાઈ ૬૩ કિલો–ઓપન એજ (૧૪)જેઠવા સુખદેવ જીલુભાઈ ૫૫ કિલો ઓપન એજ સુવર્ણ પદક પ્રાપ્ત કરેલ, તેમજ (૧) માલમ નંદની લાલજીભાઈ ૩૩ કિલો યુ–૧૪, (૨) કાનાણી ત્રિશા સંજયભાઈ ૨૯ કિલો યુ–૧૪, (૩) ડાભી સાનવી ઘનશ્યામભાઈ ૩૬ કિલો યુ–૧૪, (૪) દવે વિશ્વા ૪૯ કિલો યુ–૧૭, (૫) જતાપરા હિના ૫૩ કિલો યુ–૧૭, (૬) મેણીયા કલ્પેશ વલ્લભભાઈ ૪૫ કિલો યુ–૧૭ રજત પદક પ્રાપ્ત કરેલ, અને (૧) લાખાણી આરૂષિ શૈલેષભાઈ ૩૩ કિલો યુ–૧૪, (૨) ચૌહાણ સાનવી રાજેશભાઈ ૪૦ કિલો યુ–૧૪ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા છે. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ ધ્રુવરાજસિંહ ગોહિલ , ટ્રેનર– કૃપા ચૌહાણને અભિનંદન પાઠવ્યા હતા.

## શુભેચ્છાનો શબ્દોરૂપી એક ગુલદસ્તો

**આદરણીય**
**શ્રી મનોજભાઈ રૂપારેલ,**

આપશ્રી છેલ્લા સોળ વર્ષથી સત્ય નિષ્ઠાથી પત્રકારત્વ ફરી રહ્યા છો. અને ‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિકનાં માધ્યમથી લોકોનાં પાયાનાં પ્રશ્નો જેવા કે, ગટર, પાણી, લાઈટ, રસ્તા જેવા મુદ્દાઓની સમસ્યાને ઉજાગર કરતાં આવ્યા છો. આપશ્રી કાયદા દ્વારા સ્થાપિત ભારતનાં બંધારણ પ્રત્યે સાચી શ્રધ્ધા અને નિષ્ઠાથી વફાદાર રહીને તંત્રી તરીકેના હોદ્દા ફરજ પૂરી ઈમાનદારી અને નિષ્પક્ષ રહીને નિભાવતા રહ્યા છો. ભૂતકાળમાં તત્કાલીન સમયે અને વર્તમાનમાં પણ ભ્રષ્ટ અધિકારીઓ હોય કે કોઈપણ સરકારમાં રહેલાં નેતાઓ હોય કે લોકોને અન્યાય કરતા કોઈપણ તત્વો હોય આપણીએ કોઈની પણ શેહ શરમ રાખ્યા વગર પારદર્શક પત્રકારત્વ કરીને સામાજીક ઉત્તર દાયિત્વની ફરજ અદા કરેલ છે. અને ફરી રહ્યા છો. આમ, કોઈપણ પ્રકારના રાગ, દ્વેષ કે પક્ષપાત વગર નિર્ભયતાથી લોકોનાં ન્યાયને ખાતર ‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક દ્વારા લોકશાહીની ચોથી જાગીરને પ્રવર્તનમાન સમયમાં પણ જીવંત રાખી રહ્યા છો. જે ખુબ જ આનંદની વાત છે. આ લખાણ આપનાં મહીમા મંડન કરવા માટે નથી પણ બેધડક સત્યને ઉજાગર કરવાનો પ્રયત્ન માત્ર છે. બસ અંતમાં એટલું જ કહેવાનું કે આપ શહેર તથા જીલ્લાનો જનતાનો અવાજ બનીને સેવા કરતા રહ્યા છો. તેવી જ અવિરત સેવા કરતાં રહો તેવી શુભેચ્છા સાથે જય નાગનાથ. જય જલારામ.

**આપનો મિત્ર તથા ભારતનો એક નાગરિક અજય ચાવડા–અમરેલી**






સ્થાનિક ખેડૂતોની જાગૃતતાથી સિંહબાળનો બચાવ

# અમરેલીના મોટા ગોખરવાળા ગામે પાણીની ખાલી કેનાલમાં ૨ બાળ સિંહ ફસાઈ ગયા

**વન વિભાગે રેસ્કયુ કરી બંને બાળ સિંહને બચાવી લીધા**



અમરેલી, તા. ૧૨

વનવિભાગના શેત્રુજી ડિવિઝન તળેના લીલીયા રેંજમાં આવેલ અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામે ગઈકાલે પાણીની ખાલી કેનાલમાં

અનુસંધાન પાના ૬ ઉપર

જિલ્લાનાં માર્ગો ઉપર અકસ્માતની સતત ઘટના

# અમરેલીનાં લાઠી માર્ગ ઉપર ટોડા ગામ નજીક કાર ચાલકે હડફેટે લેતા બાઈક સવારનું મોત

**સ્થાનિક પોલીસે કાર ચાલકની શોધખોળ શરૂ કરી**

અમરેલી, તા. ૧૨

લાઠી તાલુકાના ટોડા ગામે રહેતાં કનુભાઈ વિઠ્ઠલભાઈ ઝાપડીયા (ઉ.વ. ૩૮) પોતાનું મોટર સાયકલ નં. જી.જે.–૩ જે.જે.–૨૯૮૮નું લઈ પોતાની વાડીએથી પોતાના ઘરે જતા હતા. ત્યારે તેઓ સવારે ૧૦:૪૫ વાગ્યે લાઠી–અમરેલી હાઈવે ઉપર અશોકભાઈના ઘર પાસે પહોંચતા જ

અનુસંધાન પાના ૬ ઉપર



જનતા જનાર્દન ''રામભરોસે'' નવા માર્ગ પર ચાલવા મજબૂર

# અમરેલીમાં ચિતલ રોડ બાદ હવે વરસડા રોડ બન્યા બાદ ગટરનાં ઢાંકણા બુરાતા નથી : પરેશાની

**અવારનવાર અકસ્માતની ઘટના બને છતાં તંત્રને કોઈ ચિંતા નથી**



અમરેલી, તા. ૧૨

અમરેલીમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે જનતાને સુવિધા આપવાનાં નામે ચિતલ રોડ અને વરસડા રોડનું

અનુસંધાન પાના ૬ ઉપર

સોનારીયા માર્ગ પર બોલેરોએ બાઈક હડફેટે લેતા

# અરેરાટી : મોટા ગોખરવાળાનાં ખેડૂતનાં એકનાં એક દીકરાનું માર્ગ અકસ્માતમાં મોત

**સ્થાનિક પોલીસે અકસ્માત સર્જનાર ચાલકની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામે રહેતાં વિનુભાઈ મોહનભાઈ કથિરીયા નામના ખેડુતના એકનાં એક દીકરા શૈલેષભાઈ ગત તા. ૧૧ના રોજ ૧૦:૩૦ વાગ્યે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.–૨૭ એબી–૩૧૪૪નું લઈને

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)